।। श्री गणेश गुरवे नमः ।।

ॐ

# । त्वमेव सर्वम् ।



ॐ શ્રી પરમાત્માને નમઃ।

ॐ પરમહંસાય નમઃ।

## ।। ગુરૂમન્ત્રોચ્ચારાત્પરમ મંગલમ્ ।।

શિવ, શકિત તેમજ આત્માનાં મિલનને મંત્ર કહેવામાં આવે છે. પરમેશ્વરના રૂપનું સ્મરણ જેના માધ્યમથી આપણે કરીએ છીએ, તે મંત્ર છે.

મંત્રનો અર્થ આમંત્રણ પણ છે. એનો અભિપ્રાય એ છે કે સાંસારિક જીવનને પૂર્ણ સફળ બનાવવાને માટે અર્થ અને કામ જરૂરનાં છે, જે શકિત આ કાર્યને પૂર્ણ સંપન્ન કરવા માટે શકિતશાળી રાખે છે એને મંત્ર કહે છે.

મંત્રશકિતથી મન આપણું સેવક બની જાય છે. તથા કોઈપણ આધ્યાત્મિક કે સાંસારિક કાર્ય જલદી અને સારૂં થાય છે.

મંત્ર કે ઈશ્વરના નામના અસંખ્ય આઘાત થવાની મન પર ચિરસ્થાયી આધ્યાત્મિક સંસ્કાર જામી જાય છે.

મંત્રનો અર્થ છે મનન, વિજ્ઞાન, વિદ્યા અને જ્ઞાન. મંત્ર તે વિજ્ઞાન અને વિદ્યા છે જેનાથી શકિતનો ઉદ્‌ભવ થાય છે.

卐 શ્રદ્ધાંપૂર્વક થતો મંત્રજપ કોઈપણ પરિસ્થિતિમાં રક્ષાણ કરવા સમર્થ છે.

卐 जब कुछ समजमें न आये, तब गुरूमंत्र (या आपका जोभी इष्टमंत्र हो वह) करें, धीरज रखे और मौन रहें, अपने आप ही रास्ता निकलेगा। प्रकृति अपने आप ही मार्ग बना लेगी।

– પ. પૂ. સ્વામી શ્રી મનીષાનંદજી

અંગારેશ્વર (ભરૂચ)

।। श्री गणेश गुरवे नमः ।।

ॐ

# । त्वमेव सर्वम् ।

।। श्री गणेश गुरवे नमः ।।

१. 卐 ॐ नमो भगवते मनीषानंदाय नमः।
२. 卐 ॐ शिवस्वरूप सद्गुरुदेवाय नमः।
३. 卐 ॐ सर्वान्तर्यामी सद्गुरुदेवाय नमः।
४. 卐 ॐ सर्व समर्थ सद्गुरुदेवाय नमः।
५. 卐 ॐ जगत् नियतां परब्रह्म परमात्मा स्वरुप सद्गुरुदेवाय नमः।
६. 卐 ॐ क्लीं ब्रह्मणे जगदाधाराय नमः।
७. 卐 ॐ ह्रीं नमः शिवाय ॐ सोऽहम् ॐ।
८. 卐 ॐ सर्व विषहर् शिवस्वरूप सद्गुरुदेवाय नमः।
९. 卐 ॐ अनन्त कोटि ब्रह्मांड नायक सद्गुरुदेवाय नमः।

## 卐 ।। अथ श्री सद्गुरुमानस पूजा ।। 卐

लं पृथिव्यात्मने गन्धमात्रा प्रकृत्यानन्दात्मने
श्री गुरुदेवाय नमः पृथिव्यात्मकं गन्धं परिकल्पयामि ।।
हं आकाशत्मने शब्दतन्मात्रा प्रकृत्यानन्दात्मने
श्री गुरुदेवाय नमः आकाशात्मकं पुष्पं परिकल्पयामि ।।
यं वाय्वात्मने स्पर्शतन्मात्रा प्रकृत्यानन्दात्मने
श्री गुरुदेवाय नमः वाय्वात्मकं धूपं परिकल्पयामि ।।
रं तेजात्मने रूपतन्मात्रा प्रकृत्यानन्दात्मने
श्री गुरुदेवाय नमः तेजात्मकं दीपं परिकल्पयामि ।।
वं आपत्मने रसतन्मात्रा प्रकृत्यानन्दात्मने
श्री गुरुदेवाय नमः अपात्मकं नैवेद्यं परिकल्पयामि ।।
सं सर्वात्मने सर्वतन्मात्रा प्रकृत्यानन्दात्मने
श्री गुरुदेवाय नमः सर्वात्मकान् सर्वोपचारान् परिकल्पयामि ।।


**ॐ भूर्भुवः स्वः परमात्मारुपी श्रीसदगुरुदेव प्रीयतां नमम।।**

॥ श्री गणेशगुरवेनमः ॥

॥ ॐ गुरूदेवाय विदमहे, मनीषानंदाय धीमहि
तन्नो ब्रह्म प्रचोदयात् ।

अहं ब्रह्मास्मि ।

# आस्था व्यवस्था




प्रज्ञानं ब्रह्म ।

अयमात्मा ब्रह्म ।

तत्वमसि ।

सच्चिदानंद स्वरूपाय सोऽहम् भाव प्रियाय च ।
प्रगट ब्रह्म स्वरूपाय मनीषानंदाय नमोस्तुते ॥

।। श्री गणेश गुरवे नमः ।।

# 卐 ।। जय घोष ।। 卐

ॐ श्री अंतर्यामी, परमात्मा स्वरूप, नैष्ठिक ब्रह्मचर्याश्रमस्थ, निखिल निगमागमसारहृदय, नित्य आनंद स्वरूप, भक्तजनभवभीतिभंजक, ज्ञानमोक्षसिद्धिदायक, सर्वसंकटभंजक, कर्तुम्-अकर्तुम्-अन्यथा कर्तुम् समर्थ, रेवातटनिवासी, विश्वात्मा, ब्रह्मविद्वद्वरिष्ठ, महामंडलेश्वर, पूज्यपाद कृपासिन्धु, श्रीसद्गुरु परमात्मा, परमहंस श्रीमन् भगवान मनीषानंद विजयते ! विजयते ! विजयते !

कृपासिंधु की जय हो!

दीनबंधु की जय हो!

भक्तवत्सल की जय हो!

सत् चित् आनंद स्वरूप सद्गुरुदेव की

जय हो जय हो जय हो

## ॐ आनंद ॐ

।। श्री गणेश गुरवे नमः ।।

ॐ सच्चिदानंद स्वरूपाय, सोऽहंभाव प्रियाय च ।
प्रगटब्रह्मरूपाय मनीषानंदाय नमोस्तुते ।।

આત્મચેતનાના પ્રખરપૂંજ
મહામંડલેશ્વર ૧૦૦૮

## परमहंस
## પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ સ્વામી શ્રી મનીષાનંદજી

###卐 ।। પરિચય ।। 卐

વૈશ્વિક ચેતનાની સુસ્પષ્ટ પ્રત્યભિજ્ઞા અને એનાં પ્રચાર-પ્રસાર માટે વિશ્વનિયંતા વિધ વિધ સમયે, વિવિધ સ્થળે, અનેક વિભૂતિઓનું પ્રાગટ્ય કરે જ છે. આવી વિભૂતિઓ પૈકીના એક **आर्षद्रष्टा** ક્રાંતિકારી ચિંતક, સદૈવ **वैज्ञानिक अभिगम** નાં આગ્રહી છેલ્લા બત્રીસેક વર્ષથી નર્મદા તટે સ્થાયી બની ત્રિવિધ તાપમાં ત્રાહિમામ્ થતાં લોકો ઉપર સતત **વાત્સલ્યભાવથી** કૃપા વરસાવનાર પરમ પૂજ્ય ગુરુદેવનો પરિચય શી રીતે આપી શકાય? આપણને આપણો પોતાના સાચા **સ્વ-રૂપ**નો પરિચય જેઓ કરાવે, એમનો પરિચય આપણે આપી શકીએ ખરા? **'सोऽहम्'**ની તાત્ત્વિક અનુભૂતિની ઉપલબ્ધિ અને એમાં જ સદૈવ લીન-તલ્લીન રહેવાને કારણે આપણને **'तत्त्वमसि'**નો બાધ આપવાનો અધિકાર પ્રાપ્ત કરનાર પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવનો પરિચય કેવી રીતે આપી શકાય?- **असंभव।**

શ્રીમદ્ ભગવદ્‌ગીતાનું **'कश्चित् मां वेत्ति तत्त्वतः ।'** એ વિધાન ગુરુદેવના સંદર્ભે પણ અક્ષરશઃ સાચું ગણાય. **'कठोपनिषद्'**માં કહ્યું છે કે આત્મા જેને પસંદ કરે તેની પાસે એ(આત્મા) પોતાનું સ્વરૂપ પ્રગટ કરે છે. **(यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा विवृणुते तनूस्वाम्।)** આત્મા દ્વારા જ આત્માની પ્રાપ્તિની માફક ગુરુદેવની દયા-કૃપા વડે જ ગુરુદેવનો યત્કિંચિત પરિચય સંભવિત બને.

કેવળ બાહરી વર્ણન/આધિભૌતિક વિગતો આપવાથી સાચો પરિચય/આધ્યાત્મિક પરિચય થતો નથી. આપણે શબ્દો/ભાષાથી

આપવાનો પ્રયત્ન કરીએ એ તો કેવળ **માહિતી ગણાય પરિચય નહીં.** પરિચય તો આપવાનો ન હોય. પરિચય તો પ્રત્યક્ષ અને માનસિક રીતે સતત સતર્કરીતે સાન્નિધ્યમાં રહીને એમની દયા-કૃપા વડે સ્વયં/જાતે અનુભવવાનો હોય છે. **સાચો પરિચય તો વ્યક્તિગત અનુભૂતિનો વિષય છે.** છતાં ઉપલબ્ધ સામાન્ય બાબતો અતિ વિનમ્રભાવે માહિતીના સંદર્ભે અત્રે પ્રસ્તુત કરૂં છું.

બર્માના ફુલપુર સ્ટેટનાં એક અત્યંત પવિત્ર અને ખૂબ જ શ્રીમંત રાજકીય ઘરાનામાં, સંસ્કાર અને શિસ્તના અત્યંત આગ્રહી મિલેટરીનાં કર્નલ સાહેબ પ.પૂ. શ્રી કૃષ્ણપ્રતાપસિંહ અને અત્યંત ધર્મપરાયણ એવા પ.પૂ. ધર્મિષ્ઠાબા (યોગાનુયોગ લૌકીક નામ પણ (ધર્મમાં સ્થિર રહેનાર) ) ઉપર પરમાત્માએ અસીમ કૃપા કરી. અને દુન્યવી દુઃખો દૂર કરવા/સાચા સુખની શાશ્વત પ્રાપ્તિ કરાવવા અર્થાત્ વૈશ્વિક ચેતનાની જિજ્ઞાસુઓને પ્રત્યભિજ્ઞા માટે પરમતત્ત્વએ અવતરણ કર્યું. આમ, પૂજ્યશ્રીનો જન્મ અત્યંત પવિત્ર અને ખૂબ જ શ્રીમંત પરિવારમાં થયો હતો. જેથી ભગવાન શ્રીકૃષ્ણને સાદર પ્રણામ કરી પૂજ્યશ્રી ગુરુદેવમાં જન્મ સંદર્ભે **शुचिनां श्रीमतां गेहे शिवतत्त्वम् अजायत्।** એવું વિધાન પરમતત્ત્વની જ પ્રેરણાથી હૃદયમાં સ્ફુરે છે. (યોગાનુયોગ, પરમતત્ત્વની જ પ્રેરણાથી પૂજ્યશ્રીનું પૂર્વાશ્રમનું લૌકીકનામ પણ **शिवनारायण** પાડવામાં આવ્યું હતું.)

ખૂબ જ શ્રીમંત અને પવિત્ર રાજકીય ઘરાનામાં જન્મ-પિતાશ્રી મિલેટરીમાં કર્નલના ઉચ્ચ હોદ્દા પર, માતાજી અતિ ધર્મપરાયણ હોવાથી જન્મથી જ શિસ્ત, સંપત્તિ અને સંસ્કારનો સુભગ સમન્વયપૂર્ણ વારસો - ખૂબ જ લાડકોડમાં વૈભવી રીતે ઉછેર - બાલ્યાવસ્થાથી જ વિદ્યાભ્યાસમાં અતિશય તેજસ્વી, પ્રતિવર્ષ સદૈવ પ્રથમ ક્રમ જ હોય. M.Sc. ની પરીક્ષા પ્રથમવર્ગમાં પાસ કરી GOLD MEDALIST થયા. - પ્રોફેસર તરીકેની ગૌરવવંતી નોકરી સ્વીકારી. ગર્ભશ્રીમંત, માતા-પિતા તરફથી ખૂબ જ લાડકોડમાં વૈભવી ઉછેર, ઉચ્ચ અભ્યાસ, ખૂબ જ સારી નોકરી અને અન્ય સર્વપ્રકારની સુખસાહ્યબી હતી. પરંતુ વિશ્વનિયંતાએ એમનું પ્રાગટ્ય આત્મચેતનાનો પ્રકાશપૂંજ ફેલાવવા

માટે જ કર્યું હતું. (એટલે જ તો પ્રકાશપર્વસમા મકરમાં સૂર્ય સંક્રાંતિનાં શુભમંગલ દિને જ (ચૌદમી જાન્યુઆરીએ) જિજ્ઞાસુ ભક્ત સમુદાયને ભૌતિક્તામાંથી આધ્યાત્મિક્તાની સંક્રાંતિ કરાવવા પૂજ્યશ્રીનો જન્મ થયો હતો.) એમણે માત્ર ૨૬/૨૭ વર્ષની વયે જ સંન્યસ્ત ગ્રહણ કર્યું. પરિવ્રાજક અવસ્થામાં અનેક ગુપ્ત સિદ્ધ સ્થળોએ પરિભ્રમણ કર્યું. ઉગ્ર તપશ્ચર્યા/આકરી ઉપાસના/ઘોર સાધના કરી. જન્મથી જ પરમાત્માની પ્રચ્છન્ન કૃપાને કારણે પૂર્વાશ્રમનાં શિવનારાયણજી (અર્થાત્ પરમ પૂજ્ય મનીષાનંદજી) એમના સદ્‌ગુરુદેવ પરમાત્મા સ્વરૂપ પરમ પૂજ્ય શ્રી માધવામંદજીના અસીમ કૃપાનાં અધિકારી બન્યાં. પ.પૂ. શ્રી માધરાનંદજીના માત્ર એક જ શિષ્ય અને તે આપણા પૂજ્યશ્રી. સદ્‌ગુરુદેવનાં **'एकलौता शिष्य'** એ પણ સદ્‌ભાગ્ય/સદ્‌કૃપા જ ગણાય. જાણે કે સદ્‌ગુરુદેવ પરમપૂજ્ય માધરાનંદજીનું પ્રાગટ્ય પણ આપણા પૂજ્યશ્રી માટે જ થયું હોય એવો આપણા હૃદયનો ભાવ યથાર્થ જ ગણાય. પૂજ્યશ્રીએ **'महामंडलेश्वर'** ની અતિ કઠિન પદવી સીધી પ્રાપ્ત કરી. અનેકાઅનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી અને સર્વ સિદ્ધિઓનાં સ્વામી(માલિક) પરમાત્મા સાથે તદાકાર/એકરૂપ થઈ **''सकल ब्रह्मांडनां स्वामी''** બન્યાં. અર્થાત્ આત્મતત્ત્વ/બ્રહ્મતત્ત્વ/પરમતત્ત્વની પૂર્ણ અનુભૂતિ કરી. **'परमहंस'** નાં પદથી વિભૂષિત બન્યાં. સપ્તમસ્થિતિ **'ब्रह्मविद्‌वद्‌वरिष्ठ'** ના પરમોચ્ચ ધ્યેયને સિદ્ધ કર્યું.

છેલ્લાં બત્રીસેક વર્ષથી નર્મદા તટે અંગારેશ્વરમાં સ્થાયી બની, ત્રિવિધ તાપથી ત્રાહિમામ્ બનેલા લોકો ઉપર અહૈતુકિ કૃપા વર્ષાવી રહ્યા છે. પૂજ્યશ્રી પાસે આધ્યાત્મિક ઉન્નતિ માટે કોઈ જાય તો એમને અતિશય આનંદ થાય છે. પરંતુ પૂજ્યશ્રી માને છે કે સાંસારિક/દુન્વયી સમસ્યાઓમાંથી મન મુક્ત થાય તો જ આધ્યાત્મિક ઉન્નતિ શક્ય બને છે અને તેથી પૂજ્યશ્રી ગુરુદેવના શરણમાં શ્રદ્ધાપૂર્વક જનારાઓનાં સાંસારિક/દુન્વયી પ્રશ્નો અંગે પણ સંગીન માર્ગદર્શન તેઓશ્રી આપે છે અને આપણને સર્વપ્રકારનાં તાપ/સંતાપમાંથી મુક્ત થવાની ઉપાસના દર્શાવે છે.

આપણા રોજબરોજના સાંસારિક/લૌકિક પ્રશ્નોનાં સચોટ ઉકેલ

બાદ તેઓશ્રી, આ સુવિરાટ બ્રહ્માંડમાં એક તુચ્છતમ જંતુ જેવી, ક્ષણજીવી આપણી હસ્તીને, એની સાર્થકતાનું ભાન કરાવવાની સાથે એની પ્રખર તેજસ્વીતા તથા ગરિમા પ્રગટાવવાનો પ્રયત્ન કરે છે. કોઈ ચોક્કસ વાદ, પંથ, સંપ્રદાય, ધર્મ, પક્ષ કે ન્યાત-જાતની સંકીર્ણ વિચારધારામાંથી આપણને મુક્ત કરીને **'अस्तित्त्व'** ની સાચી, તાત્ત્વિક સમજણ વિજ્ઞાન અને આધ્યાત્મને સમન્વિત કરીને આપવાનો પૂજ્યશ્રીનો સદૈવ પ્રયત્ન રહે છે. અસ્તિત્ત્વમાંથી વ્યક્તિત્ત્વ અને વ્યક્તિત્ત્વમાંથી પ્રભુત્ત્વ પ્રગટાવવાનો સાચો વિકાસક્રમ દર્શાવી **'प्रभुत्त्व'** અને **'असित्त्व'** અર્થાત્ **'सोऽहम्'** ની પ્રત્યભિજ્ઞા કરાવવા પૂજ્યશ્રીનો નિરંતર વાત્સલ્યપૂર્ણ પ્રયાસ રહે છે.

પૂજ્યશ્રી જ્ઞાનમાં સૂર્ય છે. પ્રેમનાં મહાસાગર છે. શાંતિનાં હિમાલય છે, એમનું જીવન એટલે ગીતા પરનું જીવંત ભાષ્ય, એમની ભાષામાં ભાવની ભિનાશ, શૈલીમાં હૃદયની સુંદરતા, વાણીનાં ઈશ્વરીય અમૃતનું અવતરણ, મનનમાં મૌલિકતા, શબ્દોમાં શક્તિનો/ સામર્થ્યનો સાક્ષાત્કાર દ્દષ્ટિગોચર થાય છે.

પરમ પૂજ્ય ગુરુદેવની પારદર્શક સરળતા કોઈપણ પ્રકારના ભેદભાવ વિના, સમાજના તમામ સ્તરના, તમામ વયજૂથના લોકો સાથે સંવાદ સાધનારી છે. એમના અંતરમાંથી સર્વ કોઈ માટે સદૈવ વાત્સલ્યની અમીવર્ષા નિરંતર પ્રવાહિત થતી રહે છે. તેથી જ તો શ્રદ્ધાપૂર્વક એમના સંપર્કમાં આવનાર સૌ કોઈ શતપ્રતિશત શાતા અનુભવે છે.

પરમ પૂજ્ય સ્વામીજીના પ્રત્યક્ષ તથા માનસિક સતત સાન્નિધ્યમાં રહેનાર જ એમની દયા-કૃપાથી એમનો પરિચય મેળવી શકે છે. સર્વદેવદેવી સ્વરૂપ, સર્વતિર્થ સ્વરૂપ, સર્વયજ્ઞ સ્વરૂપ, પ્રતિશ્વાસ સ્મરણીય, **कर्तुम्, अकर्तुम्, अन्यथाकर्तुम् समर्थ** એવા પરમ પૂજ્ય સદ્ગુરુદેવનો તાત્ત્વિક પરિચય મેળવવા આપણે સૌ સદ્ભાગી બનીએ એવી અંતઃકરણની પ્રાર્થના સાથે એમના શ્રીચરણોમાં કોટિ કોટિ દંડવત્ પ્રણામ - ॐ સદ્ગુરુદેવાય નમઃ।

।। श्री गणेश गुरवे नमः ।।

# 卐 ।। श्री सद्‌गुरू द्वादश नाम ।। 卐

ॐ प्रथमम् तु सच्चिदानंदम्
द्वितीयम् ईश्वरेव च
तृतीयम् मनीषानंदम्
चतुर्थम् ज्ञानसागरम्
पंचमम् पुंडरीकाक्षम् च
षष्ठम् ईशवल्लभम्
सप्तमम् सर्व मांगल्यम्
अष्टमम् आशपूरकम्
नवमम् पूर्णरूपम् च
दशमम् दोषोपहारकम्
एकादशम् अद्वैतम्
द्वादशम् मुक्तिदायकम् ।।

द्वादैशतानि नामानि श्रद्धया यः पठेन्नरः ।
न च विघ्नभयम् तस्य, सर्व सिद्धिकरम् परम् ।।

ॐ श्री सद्‌गुरु चरणौ शरणं प्रपद्ये ।

।। श्री गणेश गुरवे नमः ।।

# 卐 ।। अथ श्री मनीषानंदाष्टकम् ।। 卐

ॐ रेवातटे भृगुक्षेत्रे अंगारेश्वर वासिने ।
नित्यानंद स्वरूपाय **मनीषानंदाय नमोस्तु ते** ।। १ ।।

ॐ सर्व मंत्रतंत्र स्वतंत्राय, शरणागत हेतवे ।
महामंडलेश्वराय **मनीषानंदाय नमोस्तु ते** ।। २ ।।

ॐ परमहंस स्वरूपाय, सर्वजन सुखकराय च ।
आत्मतत्त्व प्रबोधाय, **मनीषानंदाय नमोस्तु ते** ।। ३ ।।

ॐ सदाशिव स्वरूपाय, ब्रह्ममूर्ति धराय च ।
वेदशास्त्र परिज्ञाय, **मनीषानंदाय नमोस्तु ते** ।। ४ ।।

ॐ जन्ममृत्यु विनाशाय देहशुद्धि कराय च ।
सर्वत्र सर्व स्वरूपाय **मनीषानंदाय नमोस्तु ते** ।। ५ ।।

ॐ जगदुत्पत्ति कर्त्रे च, स्थिति संहार हेतवे ।
भवपाश विमुक्ताय, **मनीषानंदाय नमोस्तु ते** ।। ६ ।।

ॐ अ रूपोऽपि नररूपाय, परब्रह्म स्वरूपिणे ।
विदेहदेहरूपाय, **मनीषानंदाय नमोस्तु ते** ।। ७ ।।

ॐ सच्चिदानंद स्वरूपाय, सोऽहं भाव प्रियाय च ।
प्रगट ब्रह्मरूपाय, **मनीषानंदाय नमोस्तु ते** ।। ८ ।।

**ॐ श्री सद्गुरु चरणौ शरणं प्रपद्ये ।**

।। श्री गणेश गुरवे नमः ।।

## 卐 ।। ॐ श्री सद्गुरु परमात्मने नमः ।। 卐

ॐ गुरुवे नमः। ॐ सद्गुरुवे नमः। ॐ परमगुरुवे नमः। ॐ परमहंसाय नमः। ॐ सिद्धपुरुषाय नमः। ॐ हिरण्यगर्भ उपासकाय नमः। ॐ ज्ञानस्वरूपाय नमः। ॐ ज्ञानात्मने नमः। ॐ आत्मज्ञान प्रदायकाय नमः। ॐ सर्व देवदेवीस्वरूपाय नमः। ॐ सर्व तिर्थस्वरूपाय नमः। ॐ सर्व यज्ञस्वरूपाय नमः। ॐ ब्रह्मस्वरूपाय नमः। ॐ परब्रह्मस्वरूपाय नमः। ॐ इष्टदेव स्वरूपाय नमः। ॐ निर्विघ्नमस्तु।

१. ॐ ब्रह्मानंदं परमसुखदं केवलं ज्ञानमूर्ति
द्वन्द्वातीतं गगनसदृशं तत्त्वमस्यादिलक्ष्यम्।
एकं नित्यं विमलमचलं सर्वधी साक्षिभूतम्
भावातीतं त्रिगुणरहितं सद्गुरुं तं नमामि ।।१।।

२. ॐ आनन्दमानन्दकर प्रसन्नं ज्ञान स्वरूपं निजभावयुतम्।
योगीन्द्रमीऽयं भवरोग वैद्यं श्रीमद्गुरुं नित्यमहं नमामि ।।२।।

३. नमोगुरुभ्यो गुरुपादुकाभ्यो, नमः परेभ्यो परपादुकाभ्यो।
आचार्य सिद्धेश्वर पादुकाभ्यो नमोस्तुत लक्ष्मीपति पादुकाभ्यो ।।३।।

४. गुरुर्ब्रह्मा गुरुर्विष्णुः गुरुदेवो महेश्वरा।
गुरुर्साक्षात् परब्रह्म तस्मै श्री गुरुवे नमः ।।४।।

५. अज्ञान तिमिरान्धस्य ज्ञानांजनशलाकया।
चक्षुरुन्मीलितं येन तस्मै श्री गुरुवे नमः ।।५।।

६. ध्यानमूलं गुरोमूर्ति पूजामूलं गुरोः पदम्।
मंत्रमूलं गुरोवाक्यं मोक्षमूलं गुरोः कृपा ।।६।।

।। श्री गणेश गुरवे नमः ।।

७. विशुद्धज्ञानदेहाय त्रिवेदी दिव्य चक्षूषे।
श्रेय प्राप्ति निमित्ताय नमः सोमार्ध धारिणे ।।७।।

८. ॐ नमामि सद्गुरुशान्तं प्रत्यक्षं शिवरूपिणम्।
शिरसा योगपीठस्थं मुक्तिकामार्थसिद्धये ।।८।।

९. ॐ मृत्युंजय महादेव त्राहि मां शरणागतम्।
जन्ममृत्यु जरा व्याधि पीडितै कर्मबन्धनैः ।।९।।

१०. ॐ त्र्यम्बकं यजामहे सुगंधिं पुष्टिवर्धनम्।
उर्वारूकमिव बन्धनान्मृत्योर्मुक्षिय मामृतात् ।।१०।।

११. ॐ त्र्यायुखं जमदग्नेः कश्यपश्य त्राययुखम्।
यद्देवेखु त्र्यायुखं तन्नोऽस्तु त्र्यायुखम् ।।११।।

१२. ॐ नमः शिवाय गुरवे, सच्चिदानन्द मूर्तये।
निष्प्रपञ्चाय शान्ताय निरालम्बाय तेजसे ।।१२।।

१३. ॐ हेतवे जगतामेव संसारार्णवसेतवे।
प्रभवे सर्वविद्यानां शंभवे गुरवे नमः ।।१३।।

१४. ॐ ज्ञानरूपाय विद्महे, गुरूदेवाय धीमहि
तन्नो गुरू प्रचोजयात् ।।१४।।

१५. ॐ गुरुदेवाय विद्महे, मनीषानंदाय धीमहि
तन्नो ब्रह्म प्रचोदयात् ।।१५।।

१६. ॐ हंसहंसाय विद्महे, परमहंसाय धीमहि
तन्नो हंस प्रचोदयात् ।।१६।।

१७. वन्दे गुरूपदद्वन्द्वं, वागमनश्चित्तगोचरम्।
श्वेतरक्तप्रभाभिन्नं शिवशक्त्यात्मकं परम् ।।१७।।

१८. ॐ अखंडमंडलाकारं व्याप्तं येन चराचरम्।
तत्पदंदर्शितं येन, तस्मै श्री गुरुवे नमः ।।१८।।

।। श्री गणेश गुरवे नमः ।।

卐 ।। ॐ शिवस्वरूप श्रीसद्‌गुरुदेवाय नमः।। 卐

卐 ।। यो गुरू स शिवः प्रोक्त यः शिवः स गुरू स्मृतः ।। 卐

જે ગુરુ છે એ જ શિવ કહેવાય છે, જે શિવ છે એ જ ગુરુ મનાયા છે.

(ગુરુગીતા અધ્યાય ૧લો શ્લોક ૧૮મો)

**गुरुदेव = महादेव = शिव = कल्याणप्रदायक**

अर्थात् परम महासत्ता = **परमतत्त्व परमात्मा।**

( गुरुदेव केवल देहधारी व्यक्ति ही नहीं, किन्तु
शिवप्रद(कल्याणकारी) ब्रह्मांड की महासत्ता।)

卐 ।। जय गुरुदेव ॐ ।। 卐

जय करूणाकर प्रगट हरीवर
स्वामी मनिषानंद नाथ वंदू
विष्णु विरंची शिवसनकादीक
निषदीन जेनुं धरता ध्यान
एवा अँगारेश्वर धामना धामी.....स्वामी.

श्रुति स्मृति विध विध रूपे
निरूपण करीने करता गान
एवा अँगारेश्वर धामना धामी.....स्वामी.

धर्म भक्तिथी नरतनु धारी
पोते प्रगट्या कृपानिधान
एवा अँगारेश्वर धामना धामी.....स्वामी.

।। श्री गणेश गुरवे नमः ।।

# 卐 ગુરુવિષયક ભજન 卐

ભવસાગર-તારણ-કારણ હે, રવિનંદન-બંધન-ખંડન હે ।
શરણાગત કિંકર ભીત મને, ગુરુદેવ દયા કરો દીનજને ।।

હૃદિકંદર-તામસ-ભાસ્કર હે, તુમિ વિષ્ણુ-પ્રજાપતિ-શંકર હે ।
પરબ્રહ્મ-પરાત્પર વેદ ભણે, ગુરુદેવ દયા કરો દીનજને ।।

મનવારણ-શસન-અંકુશ હે, નરત્રાણતરે હરિ ચાક્ષુષ હે ।
ગુણગાન-પરાયણ દેવગણે, ગુરુદેવ દયા કરો દીનજને ।।

કુલકુંડલિની-ધુમ-ભંજક હે, હૃદિગ્રંથિ-વિદારણ-કારક હે ।
મમ માનસ ચંચલ રાત્ર દિને, ગુરુદેવ દયા કરો દીનજને ।।

રિપુસૂદન મંગલ-નાયક હે, સુખ-શાંતિ-વરાભય-દાયક હે ।
ત્રયતાપ હરે તવ નામગુણે, ગુરુદેવ દયા કરો દીનજને ।।

અભિમાન-પ્રભાવ-વિમર્દક હે, ગતિહીન જને તુમિ રક્ષક હે ।
ચિત શંક્તિ વંચિત ભક્તિધને, ગુરુદેવ દયા કરો દીનજને ।।

તવ નામ સદા શુભસાધક હે, પતિતાધમ-માનવ-પાવક હે ।
મહિમા તવ ગોચર શુદ્ધ મને, ગુરુદેવ દયા કરો દીનજને ।।

જય સદ્‌ગુરુ ઈશ્વર-પ્રાપક હે, ભવરોગ-વિકાર-વિનાશક હે ।
મન જેન રહે તવ શ્રીચરણે, ગુરુદેવ દયા કરો દીનજને ।।

।। श्री गणेश गुरवे नमः ।।

# ।। श्री गुरुगीता ।।

ભગવાન સદાશિવજી અને મા પાર્વતીનાં સંવાદથી જેનું પ્રાગટ્ય થયું છે તે **સ્કંદપુરાણાન્તર્ગત** ''શ્રીગુરુગીતા'' માંથી થોકાક અંશો.

૧. यो गुरूः सः शिवः प्रोक्तो यः शिवः स गुरु स्मृतः।

જે ગુરુ છે તે જ શિવ કહેવાય છે. જે શિવ છે એ જ ગુરુ મનાય છે.

૨. काशीक्षेत्रं निवासश्च जाह्नवी चरणोदकम्।

गुरु विश्वेश्वरः साक्षात् तारकं ब्रह्मनिश्चयः ।।

ગુરુદેવનું નિવાસસ્થાન કાશીક્ષેત્ર છે. શ્રીગુરુજીનું ચરણામૃતએ ગંગાજી છે. ગુરુદેવ ભગવાન વિશ્વનાથ અને સાક્ષાત તારક બ્રહ્મ છે એ નિશ્ચિત છે.

૩. गुरुवक्त्रे स्थितं ब्रह्म प्राप्यते तत्प्रसादतः।

શ્રી ગુરુદેવના મુખકમળમાં (વચનામૃતમાં) બ્રહ્મ સ્થિત છે. ગુરુદેવની કૃપાથી બ્રહ્મની પ્રાપ્તિ થાય છે.

૪. गुकारश्यान्धकारो हि रूकारस्तेज उच्चते।

अज्ञानग्रासकं ब्रह्म गुरुरेव न संशयः।

'ગુ' એટલે અંધકાર (અજ્ઞાન) અને 'રુ' એટલે પ્રકાશ (જ્ઞાન) અજ્ઞાનને નષ્ટ કરનાર જે બ્રહ્મરૂપ પ્રકાશ છે તે 'ગુરુ' છે એમાં સંશય નથી. (એ બ્રહ્મરૂપ પ્રકાશ (અર્થાત્ પરમાત્માનું તાત્ત્વિક સ્વરૂપ) આપણા ઉપર કૃપા કરી નિરાકારમાંથી નરાકાર થાય છે. ખરેખર ગુરુદેવ એટલે પરોક્ષ પરમાત્માનું પ્રત્યક્ષ સ્વરૂપ. ગુરુદેવ એટલે **Lord of Lords**)

૫. दुर्लभा चित्तविश्रान्तिः विना गुरुकृपां पराम्।

ગુરુદેવની પરમકૃપા વિના ચિત્તની વિશ્રાંતિ દુર્લભ છે.

૬. कालमृत्युभयाद्धापि गुरुः संत्राति।

કાળરૂપી મૃત્યુના ભયમાંથી પણ ગુરુ શિષ્યને બચાવી શકે છે.

૭. अजोऽहंममरोऽहं च अनाधिनिधनोह्यमहम्।

अविकारश्चिदानन्दो ह्यणीयान् महतो महान्।

હું જન્મનાર નથી. હું મરનાર નથી. મારો આદિ નથી. મારુ મૃત્યુ નથી. હું નિર્વિકાર છું. હું ચિદાનંદ છું. હું અણુથી અણુ છું અને હું મહાનથી પણ મહાન છું.

૮. गुरोः शिवो गुरुदेवो गुरुर्बन्धुः शरीरिणाम्।

गुरुरात्मा गुरुर्जीवो गुरोरन्यन्न विद्यते।।

માનવીઓ માટે ગુરુ જ શિવ છે, ગુરુ જ દેવ છે, ગુરુ જ બાંધવ છે, ગુરુ જ આત્મા છે, ગુરુ જ જીવ છે, ગુરુ સિવાય અન્ય કશું જ નથી.

૯. गुरोः प्रसादादन्यत्र सुखं नास्ति महीतले।

પૃથ્વી પર શ્રી ગુરુદેવના કૃપા પ્રસાદ સિવાય અન્યત્ર ક્યાંય સુખ નથી.

૧૦. गुरुभक्तिरतिः कार्या सर्वदा मोक्षकांक्षिभिः।

મોક્ષની આશા રાખનારે ગુરુભક્તિ ખૂબ જ કરવી જોઈએ.

૧૧. ज्ञानं नास्ति गुरु विना।

ગુરુ વિના જ્ઞાન મળતું નથી.

૧૨. सर्व स्यात्सफलं कर्म गुरुदीक्षा प्रभावतः।

ગુરુદેવની દીક્ષાના પ્રભાવથી સઘળા કર્મ સફળ થઈ જાય છે.

૧૩. नास्ति तत्त्वं गुरोः विना।

ગુરુની સમાન અન્ય કોઈ તત્ત્વ નથી.

૧૪. गुरुमंत्रो मुखे यस्य तस्य सिध्यन्ति नान्यथा।

दीक्षया सर्वकर्माणि सिध्यन्ति गुरुपुत्रके।।

જેના મુખમાં ગુરુમંત્ર હોય તેની સર્વક્રિયાઓ સિદ્ધ થાય છે. બીજાની નહીં. તેના સર્વ કાર્યો દીક્ષાને કારણે સિદ્ધ થાય છે.

।। श्री गणेश गुरवे नमः ।।

१५. गुरुभावः परं तीर्थमन्यतीर्थं निरर्थकम्।

ગુરુભક્તિ જ સૌથી શ્રેષ્ઠ છે અન્ય તીર્થ નિરર્થક છે.

१६. गुरुरेको जगत्सर्वं ब्रह्मविष्णुशिवात्मकम्।

બ્રહ્મા વિષ્ણુ અને શિવજીની સાથે સર્વ જગત ગુરુદેવમાં સમાવિષ્ટ છે.

१७. देही ब्रह्म भवेद्यस्मात् तत्कृपार्थं वदामि तत्।

सर्वपाप विशुद्धात्मा श्रीगुरोः पादसेवनात्।।

શ્રી ગુરુદેવના પાદસેવનથી મનુષ્ય સર્વ પાપથી વિશુદ્ધ થયેલો આત્મા બ્રહ્મસ્વરૂપ બની જાય તે કૃપા કરવા કહું છું.

१८. कृताया गुरुभक्तेस्तु वेदशास्त्रानुसारतः।

मुच्यते पातकाद् घोराद् गुरुभक्तो विशेषतः।।

વેદ અને શાસ્ત્રાનુસાર ગુરુદેવની ભક્તિ કરવાથી ગુરુભક્ત ઘોર પાપમાંથી મુક્ત થઈ જાય છે.

१९. अन्धकारविनाशित्वात् गुरुरित्यभिधीयते।

અજ્ઞાનરૂપી અંધકારને નષ્ટ કરનાર જ ગુરુ કહેવાય છે.

२०. सर्वश्रुतिशिरोरत्न विराजित पदां बुजम्।

वेदान्तार्थप्रवक्तारं तस्मात्संपूजयेद् गुरुम्।।

સર્વ શ્રુતિઓનો સાર જેમનાં ચરણકમળમાં બિરાજે છે એવા શ્રી ગુરુદેવ ઉપનિષદોનાં રહસ્યોના પ્રવક્તા છે માટે અમની પૂજા કરવી જોઈએ.

२१. यस्य स्मरणमात्रेण ज्ञानमुत्पद्यते स्वयम्।

सः एव सर्वसम्पत्तिः तस्मात्संपूजयेदगुरुम्।।

જેમના સ્મરણ માત્રથી જ્ઞાન આપોઆપ સ્ફુરવા લાગે છે એ સર્વ સંપત્તિઓના આશ્રયરૂપ ગુરુ છે માટે ગુરુદેવનું પૂંજન કરવું જોઈએ.

२२. गुरुप्रदिष्टमार्गेण मनः शुद्धिं तु कारयेत्।

શ્રી ગુરુદેવે ઉપદેશેલા માર્ગે મનની શુદ્ધિ કરવી જોઈએ.

।। श्री गणेश गुरवे नमः।।

२३. पादुकासनशय्यादि गुरुणां यदभिष्टितम्।
नमस्कुर्वीत तत्सर्वं पादाभ्यां न स्पृशत् क्वचित्।।

પાદુકા, આસન, બિછાનું વગેરે જે કોઈ ચીજવસ્તુ ગુરુદેવના ઉપયોગમાં આવતી હોય તે સર્વને નમસ્કાર કરવા. પગથી તેમનો સ્પર્શ કદી ન કરવો.

२४. गुरुच्छायां न लंघयेत्।

ગુરુદેવનાં પડછાયાને ઓળંગવો નહીં.

२५. गुरुतत्त्वविहीनश्येतत्सर्वं व्यर्थमेव।

ગુરુતત્ત્વના જ્ઞાન વિના સર્વ વ્યર્થ છે.

२६. सर्वाः सफला देवि गुरुसंतोषमात्रतः।

સઘળું ગુરુદેવના સંતોષ માત્રથી સફળ થાય છે.

२७. गुरुर्देवो गुरुर्धर्मो गुरौ निष्ठा परं तपः।
गुरोः परतरं नास्ति त्रिवारं कथयामि ते।।

ગુરુ જ દેવ છે, ગુરુ જ ધર્મ છે, ગુરુમાં નિષ્ઠા જ પરમ તપ છે. ગુરથી વિશેષ બીજું કશું નથી એમ ત્રણ વખત હું કહું છું.

२८. गुरुसंतोषणादेव मुक्तो भवति पार्वति।

હે પાર્વતી! ગુરુને સંતુષ્ટ કરવાથી શિષ્ય મુક્ત થઈ જાય છે.

२९. सर्वसन्देह सन्दोह निर्मूलन विचक्षणः।
जन्ममृत्युभयघ्नो यः स गुरुः परमो मतः।।

સર્વપ્રકારના સંદેહોનો જડમૂળથી ઉચ્છેદ કરવામાં જે ચતુર છે અને જન્મ, મૃત્યુ તથા ભયનો નાશ કરે છે તે ગુરુ **'પરમગુરુ'** (શ્રેષ્ઠગુરુ) કહેવાય છે તે **'સદ્ગુરુ દેવ'** કહેવાય છે.

३०. बहुजन्म कृतात् पुण्याल्लभ्यतेऽसौ महागुरुः।

અનેક જન્મોમાં કરેલા પુણ્યોથી આવા (પરમગુરુ/સદગુરુ) પ્રાપ્ત થાય છે.

।। श्री गणेश गुरवे नमः ।।

३१. अखण्डैकरसास्वादतृप्तो हि परमो गुरुः।

અખંડ એકરસના આનંદથી તૃપ્ત જ ખરેખર પરમગુરુ છે.

३२. गुरुनामजपाद्देवि बहुजन्मार्जितान्यपि।

पापानि विलयं यान्ति नास्ति सन्देहमण्वपि।।

હે દેવી! ગુરુનામના જપથી અનેક જન્મોના એકઠાં થયેલા પાપો પણ નાશ પામે છે એમાં અણુંમાત્ર સંશય નથી.

३३. गुरुरेको हि तारकः।

એકમાત્ર ગુરુદેવ જ તારણહાર છે.

३४. गुरुमूर्तेः सदा ध्यानं गुरोर्नामः सदा जपः।

ગુરુની મૂર્તિનું ધ્યાન કરવું અને ગુરુના નામનો જપ કરવો જોઈએ.

३५. ज्ञानं विना मुक्तिपदं लभ्यते गुरुभक्तितः।

ગુરુદેવ ઉપરની અનન્ય ભક્તિથી જ્ઞાન વિના પણ મુક્તિ મેળવાય છે.

३६. मंत्रराजमिदं देवि, गुरुरित्यक्षरद्वयम्।

स्मृतिवेदपुराणां सारमेव न संशयः।।

હે દેવી! બે અક્ષરોવાળા મંત્રોમાં શ્રેષ્ઠ 'गुरु' મંત્ર છે. તે સ્મૃતિઓ, વેદ અને પુરાણોનો સાર જ છે એમાં શંકા નથી.

# जय गुरुदेव ॐ

## વેદોનો સાર ઉપનિષદ.
## ઉપનિષદોનો સાર શ્રીમદ્‌ભગવદ્‌ગીતા
## શ્રીમદ્‌ભગવદ્‌ગીતાનો સાર
## શરણાગતિ

।। श्री गणेश गुरवे नमः ।।

# ।। तस्मै श्रीगुरुवे नमः ।।

१. संसारवृक्षमारूढाः पतन्तो नरकार्ण वे।
येन चैवोद्धृताः सर्वे तस्मै श्रीगुरवे नमः ।।१।।

२. गुरुर्ब्रह्मा गुरुर्विष्णु र्गुरुदेवो महेश्वरः।
गुरुरेव परब्रह्म तस्मै श्री गुरुवे नमः ।।२।।

३. हेतवे जगतामेव संसारार्णवसेतवे ।
प्रभवे सर्वविद्यानां शंभवे गुरवे नमः ।।३।।

४. अज्ञान तिमिरान्धस्य ज्ञानांजनशलाकया।
चक्षुरुन्मीलितं येन तस्मै श्रीगुरुवे नमः ।।४।।

५. त्वं पिता त्वं च मे माता त्वं बंधुस्त्वं च देवता ।
संसारप्रतिबोधार्थं तस्मै श्रीगुरुवे नमः ।।५।।

६. यत्सत्येन जगत्सत्यं यत्प्रकाशेन भाति तत्।
यदानन्देन नन्दन्ति तस्मै श्रीगुरुवे नमः ।।६।।

७. यस्य स्थित्या सत्यमिदं यद्भाति भानुरूपतः।
प्रियं पुत्रादि यत्प्रीत्या तस्मै श्रीगुरुवे नमः ।।७।।

८. येन चेतयते हीदं चित्तं चेतयते न यम्।
जाग्रत्स्वप्नसुषुप्त्यादि तस्मै श्रीगुरुवे नमः ।।८।।

९. यस्य ज्ञानादिदं विश्वं न दृश्यं भिन्नभेदतः।
सदेकरूपरूपाय तस्मै श्रीगुरुवे नमः ।।९।।

१०. यस्यामतं तस्य मतं मतं यस्य न वेद सः।
अनन्यभाव भावाय तस्मै श्रीगुरुवे नमः ।।१०।।

११. यस्य कारणरूपाय कार्यरूपेण भाति यत्।
कार्यकारणरूपाय तस्मै श्रीगुरुवे नमः ।।११।।

।। श्री गणेश गुरवे नमः ।।

## પરમ પૂજ્ય ગુરૂદેવની અમૃતવાણીનાં થોડાક અંશો

## ( गुरूगिरामृत )

१) लोग कहते हैं कि सूरज पूरब दिशामें उगता है। किन्तु मनीषानंद कहते है कि सूरज जहाँ उगता हैं वह पूर्व दिशा बनती है। सूर्य अर्थात् प्रकाश - सत्यज्ञान - आत्मा। और वह मैं हूँ। (सोऽहम्) वह आप हैं। (तत्त्वमसि।)

२) जीवन की समस्याओंका समाधान परिस्थितिसे नहीं है। मनः स्थिति से संभव है। मनकी स्थिर स्थिति समाधान का द्वार है।

३) मननसे या नमनसे परमात्माका दूरसे दर्शन हैं। किन्तु मन - न (मन अमन बननेकी) न-मन की स्थिति ब्रह्मकी स्थिति है।

४) हमारा द्रष्टिकोण सर्वदा उपासना का हो, न की उपभोगका।

५) मैं आपको केवल शांति नहीं, आनंद देना चाहता हूँ।

६) व्यवस्था जीवनकी शोभा हैं, समाधान सुख हैं, आतिथ्य जीवनका वैभव हैं, प्रेम जीवनकी प्रतिष्ठा है, सदाचार जीवनका सौन्दर्य है और आत्मज्ञान जीवनका लक्ष्य है।

७) अपनी शक्तिका जागरण करके समाजोपयोगी होना ही धर्म है।

८) आप हंमेशा अपने लक्ष्यको देखो। सीताजीने भगवान राम के बदले मृगको देखा और कष्टोंकी परंपरा शुरू हुई। सुवर्णमृगमें/ मायामें अनुरागपूर्ण वृत्ति उत्पन्न हुई और परमात्मा(भगवान राम) का सान्निध्य गया।

९) श्रद्धाका मतलब प्रतिकूलता में भी विश्वास रखना। भगवान आपका नौकर नहीं है, जो आप जैसा चाहें या कहें वैसा करें। जन्म देनेवाले आपके दुन्यवी पिताजी भी आपकी सभी बात नहीं मानते। वे जिस समय आपके लिए जो उचित है वही बताते हैं, और वही करते हैं। तो फिर परमात्मा तो हमारे परमपिता है। अतः आवश्यकतानुसार समय पर सभी प्रकारकी व्यवस्था वे अवश्यमेव करते ही रहते हैं। आस्था रखो, व्यवस्था होगी ही।

१०) कर्म आपको खुद ही करना पड़ता है। परमात्मा उस कर्ममें मदद करते हैं।

११) आप दूसरोंके साथ अपनी तुलना मत कीजिए। अपनी मौलिकता Creativity का जतन कीजिए। अपने अस्तित्त्व का आदर कीजिए और उसे अधिकाधिक सुन्दर बनानेका यत्न कीजिए।

12) The Sun does not rise in the East, but where The Sunrises it becomes the East

13) To believe in God is not enough, but we must try to know him.

14) Listen to everybody but don't get confused follow your inner voice.

15) A person in whom we find faith and determination is called "MANAV"

16) The Foolish believe that this slone is a stopping stone, but the wise believe that This stone is a stepping stone.

17) Nature is the existence of God.

18) Be Zero OR Be total

19) Science gives us motivation and religion gives us direction.

20) Revolving Chair keeps you busy but it can't carry you any where.

21) What is the development process ?
Existence + Personality = divinity

22) Give up ego find yourself.

23) You are born to conquer the nature, not to follow it.

24) Make your mind strong. Increase your spiritual powe.

25) Mind - Mind is a bundle of thoughts. It is devided into two sectors - one is perspectual and another is conceptual.

26) Compromise is the greatest happiness of the life.

27) The happy person is he who keeps **ALMIGHTY** in his heart. - Give him the seat in your heart and BE HAPPY.

૨૮) વિજ્ઞાન ગતિ આપે છે. ધર્મ દિશા આપે છે.

૨૯) ઋષિમુનિઓ, સંતોએ સત્યનું દર્શન કરી પરમાત્મા સુધીનો માર્ગ દર્શાવ્યો છે.

૩૦) પરિસ્થિતિ ચેતનાનું નિર્માણ કરે છે.

૩૧) જે કામ કરીએ તે આનંદથી કરીએ. જ્યાં આનંદ છે ત્યાં ઈશ્વરનો વાસ છે.

૩૨) કોઈપણ કામ નાનું નથી. આપણે નિષ્ઠાપૂર્વક કામ ન કરીએ ત્યારે આપણે પોતે જ નાના બની જઈએ છીએ.

૩૩) નિયમોથી પ્રમાણિકતા આવતી નથી. અને પ્રમાણિકતા છે ત્યાં નિયમોની જરૂર નથી.

૩૪) હંમેશા ખાસ યાદ રાખો - ''પરમાત્માની સૃષ્ટિમાં કશું અયોગ્ય છે જ નહીં.''

૩૫) હંમેશા Positive attitude રાખવો. નકરાત્મક બાબતો ની બહું વિઘાતક અસર પડે છે. નાની બાબતોમાં પણ કાળજી રાખીએ. ઉદાહરણ તરીકે ઓફીસનાં દરવાજા ઉપર No admission with out permission એવું નહીં લખતાં Admission with permission એવું લખવું વિશેષ હિતાવહ ગણાય.

૩૬) પરમાત્મા સર્વને એક સરખું જ (૩૫૦ ગ્રામ જેટલું) મગજ આપે છે. પરંતુ સદ્‌વાચન, સત્સંગ, સંતસમાગમથી, વાતાવરણથી સારા સંસ્કારો પ્રાપ્ત થાય છે અને પ્રગતિ/ઉન્નતિ શક્ય બને છે.

૩૭) શુભ અને અશુભ વિચારો/કાર્યોનો આધાર સંસ્કાર પર છે. ગીધ ગમે તેટલું ઊંચે ઉડે પણ એની નજર નીચે પડેલા માંસ ઉપર હોય છે. રાવણને ચારવેદો કંઠસ્થ હતા પરંતુ સંસ્કારના અભાવને કારણે એનાં વિચારો/કર્મોમાં વિકૃતિ આવી હતી.

૩૮) કોઈના માર્ગમાં ફૂલ ન પાથરી શકાય તો વાંધો નથી પરંતુ કાંટા તો નહીં જ નાંખીએ.

૩૯) આરામ અને આળસ, દર્શન અને પ્રદર્શન, ગૌરવ અને ગર્વના ભેદને સમજીએ.

૪૦) આસ્થા રાખીએ, વ્યવસ્થા થઈ જશે, આસ્થા ન રાખીએ તો કરેલી વ્યવસ્થા પણ ખોરવાય જવાની સંભાવના છે.

૪૧) અસ્તિત્વ, અસ્તિત્ત્વમાંથી વ્યક્તિત્વ, વ્યક્તિત્ત્વમાંથી પ્રભુત્વ પ્રગટાવીએ એ જ સાચો વિકાસક્રમ છે.

૪૨) દેવયોનિ તથા પશુયોનિ ભોગયોનિ છે. કેવળ મનુષ્યયોનિમાં જ 'યોગ' (પરમાત્મા સાથે સંયોગ ) સંભવિત છે.

૪૩) ભગવાન શ્રીકૃષ્ણ પાસે એક હાથમાં સુદર્શન ( સુ-દર્શન = સાચું, સુંદર દર્શન) હતું જેનાથી તેઓ સર્વત્ર વિજયી બન્યા. સમ્યક્‌દર્શન (સુ - દર્શન) અંગે લોકોને પ્રેરિત કર્યા. ભગવાન શ્રીકૃષ્ણે બીજા હાથમાં મુરલી વડે જગતને મધુરતાનું આસ્વાદન કરાવી લોકોને મધુર બનવા પ્રેરિત કર્યા.

૪૪) રામાયણની દુર્ઘટનાઓ દૃષ્ટિદોષથી અને મહાભારતની દુર્ઘટનાઓ વાણીનાં દોષથી સર્જાય હતી. પરમાત્માએ આંખ સાથે પાંપણ અને મુખ સાથે હોઠ આપી સરળતાથી/સહજતાથી મુખ અને આંખને, ઈચ્છાનુસાર બંધ રાખવાની સુવિધા આપી છે. (શ્રવણેન્દ્રિય-કાન પાસે આટલી સુગમ સહજ સુવિધા નથી. ક્યારેક અનિચ્છાએ પણ અચાનક કંઈક અનુચિત સંભળાઈ જવાનો સંભવ છે પરંતુ) દૃષ્ટિમાં અને વાણીમાં તો વિવેકપૂર્ણ ઔચિત્ય અને સંયમ ચોક્કસ રાખવો જ જોઈએ.

૪૬. મગજથી નિર્ણય કરો અને હૃદયથી વ્યવહાર કરો.

૪૭. સાધના કાળમાં ચમત્કાર/અનુભૂતિ અંગેના વિચારો અથવા અન્ય લાભની અપેક્ષા અવરોધક બની શકે. સહજભાવ કેળવવો જોઈએ. સહજભાવ દૃઢ કરી ગુરુનિર્દિષ્ટ માર્ગે દૃઢપણે અવિરત સાધના ચાલુ રાખવી જોઈએ.

૪૮. જડતા નહીં, દૃઢતા હોવી જોઈએ.

૪૯. લોખંડની તલવારને પારસમણિનો સ્પર્શ થાય તો સોનાની જરૂર બને પરંતુ ધાર, વાર અને આકાર બદલાય નહીં. તલવારના ધાર-વાર-આકાર બદલવા માટે તો એને અગ્નિમાં તપાવીને કુશળ કારીગર એ તલવારને એનાં મૂળ લોખંડના સ્વરૂપમાં લઈ જાય તો જ શક્ય બને. - એ જ પ્રમાણે માનવીનાં વિકારો/વૃત્તિઓ/કુસંસ્કારો ત્યારે જ સદંતર દૂર થાય જ્યારે બ્રહ્મનિષ્ઠ આત્મજ્ઞાની સદ્‌ગુરુદેવ અસીમકૃપા કરી જ્ઞાનાગ્નિનો સ્પર્શ કરાવી તેને મૂળ(સાચા) સ્વરૂપમાં લઈ જાય.

૫૦. Doing ત્યજીએ, Being અપનાવીએ.

૫૧. ક્ષણ-ક્ષણથી જીવન બને છે. ક્ષણને સંભાળીએ. જે ક્ષણને સંભાળી ન શકે એનું જીવન મુશ્કેલીમાં મૂકાય છે.

૫૨. સત્ય ખરેખર શિખવવું પડતું નથી. ખૂબ નાના બાળકો સત્ય, કેવળ સત્ય જ જાણે છે. આપણે એને ધીરે ધીરે સત્ય નથી તે શીખવીએ છીએ અને જે સત્ય નથી તેમાં આપણે એને એ રીતે તદ્રુપ કરી દઈએ છીએ કે પછી એને જે સત્ય નથી તે જ સત્ય જણાય છે. અને મૂળ સત્ય લગભગ સદાને માટે એ ભૂલી જાય છે.

૫૩. શ્રદ્ધા, નિશ્ચય અને વિશ્વાસ જે વ્યક્તિમાં હોય એ જ સાચા અર્થમાં મનુષ્ય કહેવાય છે.

૫૪. જે સંત શ્રદ્ધાપૂર્વક શરણે આવનારને આરોગ્ય, આજીવિકા અને રાત્રે સાફ ઊંઘ(ચિંતામુક્ત જીવન) આપી શકે એ જ સાચા અર્થમાં સંત કહેવાય.

૫૫. મન મજબૂત બનાવો. આત્મબળ વધારો. કોઈપણ પરિસ્થિતિને (અનુકૂળ કે પ્રતિકૂળ હોય) પરમાત્માની દેણ માનો. તટસ્થભાવ ભાવથી સ્વીકારો. પરમાત્માની સૃષ્ટિમાં કશું અનુચિત છે જ નહીં.

૫૬. રેલ્વેના સમયપત્રકમાં નિર્દિષ્ટ સમય કરતાં વહેલી ગાડી કદી

આવે જ નહીં. કદાચ મોડી/વિલંબથી આવે પરંતુ વહેલી તો ન જ આવે. પરમાત્માએ આ સૃષ્ટિની રચના કરી છે. પરમાત્માના સમયપત્રકને માન આપીએ, સ્વીકારીએ. ખોટી ઉતાવળ કદી ન કરીએ. રેલ્વેના કુશળ નિષ્ઠાવાન કર્મચારીઓ ગાડી મોડી ન થાય/વિલંબિત ન થાય અથવા ક્યાંય પણ અકસ્માત ન થાય એની કાળજી રાખે છે. સાચા સદ્‌ગુરુદેવ શિષ્યના જીવનની ગાડી વિલંબિત ન થાય, ક્યાંય ખોટકાય કે ટકરાય નહીં એની સતત સદા સર્વદા કાળજી રાખે છે.

૫૭. હૃદયનાં ઊંડાણથી, શ્રદ્ધાપૂર્વક જો મંત્રજાપ થાય તો કોઈપણ પરિસ્થિતિમાં મંત્રશક્તિ રક્ષણ કરવા સમર્થ હોય છે.

૫૮. ગુરુમંત્રએ સર્વશ્રેષ્ઠ મંત્ર છે. શ્રેય અને પ્રેય બન્નેની પ્રાપ્તિ કરાવનાર છે. ગુરુમંત્રનાં શબ્દાર્થ અને સૂચિતાર્થ સમજવા જોઈએ. સૂચિતાર્થ સમજવો ખૂબ જ જરૂરી છે.

૫૯. જ્યારે કશી જ સમજ ન પડે.- કંઈપણ સૂઝે નહીં.- ત્યારે શાંતચિત્તથી ગુરુમંત્ર કરવો. ધીરજ રાખવી. મૌન રાખવું. આપોઆપ માર્ગ નીકળે. પ્રકૃતિ પોતાની રીતે યોગ્ય માર્ગ કરી આપશે. **गुरुमन्त्रो रचारात् परम मंगलम्।**

૬૦. સાધના કાળમાં કોઈ ચમત્કાર/અનુભૂતિ થાય, સ્વપ્નમાં દેવદર્શન, તેજ-પ્રકાશ અથવા અન્ય કોઈ શુભ દશ્યો દેખાય તો એ અતિ આનંદની વાત ચોક્કસ છે પરંતુ એ સર્વોચ્ચ/ પરમોચ્ચ સ્થિતિ નથી. દશ્ય અને દૃષ્ટા વચ્ચેનું દ્વૈત મટે/અદ્વૈત સધાય એ જ શ્રેષ્ઠતમ/સર્વોચ્ચ સ્થિતિ છે.

૬૧. અશુભ વિચાર તો સાધના પથમાં અવરોધક છે જ પરંતુ શુભવિચાર પણ સાધના પથમાં અંતરાય રૂપ બની શકે. વિચારશૂન્યતાની સ્થિતિ કેળવવા પ્રયત્ન કરવો જોઈએ. ધ્યાન એટલે કશું ન કરવું. કશું ન વિચારવું. **अविचारेव परं ध्यानम्।** વિચારશૂન્યતા માટે ગુરુમંત્ર અને ગુરુકૃપા જ અમોઘ સાધન છે.

# ૐ જય ગુરુદેવ ૐ

।। श्री गणेश गुरवे नमः।।

# પરમ પૂજ્ય ગુરૂદેવની કરૂણા-કૃપા

## ( वात्सल्य वृष्टि )

(આપણા પરિવારના વડીલ મોભી પૂજ્યશ્રી કાંતિકાકા-ભાલોદવાળા તથા મારા વડીલબંધુ પૂજ્યશ્રી છબીલભાઈના અતિ પ્રેમપૂર્ણ સહયોગથી પરમપૂજ્ય ગુરુદેવને ખૂબખૂબ અનુનય/પ્રાર્થના કરી, થોડીક અનુભૂતિઓની પ્રસ્તુતિ માટે અનુમતિ મેળવવા આપણે સદ્ભાગી થયા છીએ.)

કરૂણાનિધાન, કૃપાસિંધુ પરમપૂજ્ય ગુરુદેવની અસીમ કૃપા અનેકાઅનેક જીવો પર વરસી છે. સતત વરસતી રહે છે. અને સાંસારિક/દુન્વયી પ્રશ્નોનાં નિરાકરણની સાથે સાથે અનેક કલ્પનાતીત દિવ્યાનુભૂતિઓ અત્યારના સાંપ્રત સમયમાં પણ થઈ રહી છે. જેમાંથી યત્કિંચિત-બહુ અલ્પસંખ્યામાં, પરમપૂજ્ય ગુરુદેવનાં ચરણોમાં દંડવત્ પ્રણામ સાથે, ગદ્ગદ્ભાવે, આપણા જેવા જિજ્ઞાસુ જીવોની શ્રદ્ધાને પ્રેરક બળ મળે એવી ભદ્રભાવના સાથે અત્રે અભિવ્યક્ત કરૂં છું.

સૌ પ્રથમ દિલ્હી નિવાસી આપણા વડીલ ગુરુબંધુ પૂજ્યશ્રી પ્રાણનાથ શર્મા સાહેબની (विकासपुरी, नवी दिल्ही-Ph.No. 5559111) દિવ્યાનુભૂતિનું રસપાન કરીએ. -

मेरे जीवनका प्रथम अनुभव। मैं रेल्वेमें Vigilance Branch - विजिलन्स ब्रान्चमें एक बहुत जिम्मेदार अधिकारी के रूपमें मुम्बईकी ओर जानेवाली ट्रेनमें First Class Compartment - (फस्ट क्लास कम्पार्टमिन्ट)में था। उस कम्पार्टमिन्टमें सिर्फ एक ही अन्य अज्ञात मुसाफिर था। हमारे बीचमें किसीभी तरहकी औपचारिक बात-चीत भी नहीं हुई थी। रात्री का समय था। साथी मुसाफिरने अपनी डायरी में कुछ लिखा और उसी स्थान पर अपनी पेन रखकर वे सो गये। मैंने यह क्रिया चूपचाप-मौनरूपसे देखी थी। प्रभात होते खिडकीमेंसे सूर्योदय और पहाडी विस्तारका स्वर्णिम सुन्दर दृश्य देखते ही मैं सहसा साश्चर्य बोल उठा कि निसर्गका कितना सुन्दर दृश्य है। और तुरंत ही मेरे साथी मुसाफिरने अपनी डायरी जिसमें रात्रीके समय कुछ लिखकर पेन वहीं रखी थी, वह डायरी मेरे हाथमें देकर पठनेके लिए कहा। डायरीका पन्ना खुलते ही

मैंने पटा - ''कल सुबहमें मेरे साथी मुसाफिर कुदरतके सुन्दर नजारे (निसर्ग के सुन्दरतम दृश्य) के सन्दर्भसे बात-चीत शुरू करेंगे।'' - मुझे बहुत आश्चर्य हुआ। मैंने सादर विशेष मार्गदर्शनके लिए बिनती की। साथी मुसाफिरने मुझे जगतगुरु श्रीमद् आद्य शंकराचार्यजी का ''विवेकचूडामणि'' पठनेका सूचन किया और सस्मित कहा कि, - ''समय आने पर सब कुछ होगा।'' - बोम्बे सेन्ट्रल पर उतरनेके बाद मैंने साथी मुसाफिरका पिछा करनेका बहुत प्रयत्न किया किन्तु मैं असफल रहा। आप यकिन कीजिए वे अन्तर्ध्यान हो गये थे।

कृपाका अन्य एक प्रसंग। मैं बम्बईसे ट्रेनमें आ रहा था। कम्पाटमिन्टमें सिर्फ एक ही मुसाखिर था। वह एक पुस्तक पठ रहा था। रात्रीका समय होने पर पुस्तक शिरहाने पर रखकर वह सो गया। मुझे नींद न आने से सहजभावसे मैं वह पुस्तक उठाकर देखने लगा। पुस्तकमें मुझे बहुत रुचि हुई। मैं सुबह तक पठता रहा। सुबहमें साथी मुसाफिर जागा। मेरी ओर देखा, और कहा, ''मुझे लगता है आप सारी रात पठते रहे।''- मैंने कहा, ''जी हाँ, पुस्तक बहुत सुन्दर है। आप मुझे क्षमा करें मैंने आपकी ईजाजतके बिना पुस्तक लिया था।'' - पुस्तकका नाम था श्री विवेकानंदजी का ''सहज राजयोग''। मुझे बहुत प्रेरणा मिली और आध्यात्मिक एवं तत्त्वज्ञानकी पुस्तकें पठनेका मेरा व्यसन हो गया।

उपरोक्त दोनो घटनाओंमें, दोनो समय, साथी मुसाफिरका स्वरूप अलग-अलग था। बादनें मुझे संगीनरूपसे/स्पष्टरूपसे ज्ञात हुआ कि मुझे ईश्वरीय मार्ग पर लाने के लिए परमपूज्य गुरुदेवकी ही यह लीला थी।

शायद विस्तार तो होगा किन्तु परमपूज्य गुरुदेवके पूर्ण अनुग्रहकी एक दिव्यानुभूति की अनुभूति हमारी श्रद्धाकी अभिवृद्धिके लिए अवश्य करूँगा। - मैं भोपाल कारमें गया था। मुझे आफिसका काम ग्यारह बजे था। काफी समय था। अतः एक पानकी छोटी-सी दूकान पर मैंने पूछा, ''यहाँ नजदीकमें कोई एकांतस्थान या शिवमंदीर है ?'' - दूकानके बगलमें एक भाईसाहब खड़े थे, उन्होंने कहा, ''जी, हाँ एक ऐसा स्थल है और मैं जानता हूँ। मैंने बिनती कि, ''आप उस स्थलको दिखानेके लिए मेरे साथ चलेंगे ?'' - उस आदमीने हा कही। हम लोग एक एकांत शिवमंदीरमें पहुँचे। वहाँ के सुंदर पवित्र वातावरणसे

प्रभावित होकर सहजरूपसे मेरे मुँहसे निकल पडा, -''यह स्थान ध्यानके लिए अच्छा है।''- वह आदमी कहने लगा, यदि आप ध्यान ही करना चाहते हो तो मैं अन्य एक इससे भी अच्छी जगह बता सकता हूँ। मगर गाडी वहाँ नहीं जायेगी। पैदल जाना पड़ेगा। नजदीक ही है। हम कार और ड्रायवरको वहीं छेड़कर थोड़े आगे चले। बिलकुल नजदीकमें ही एक सुन्दर छोटीसी स्वच्छ गुफा, छोटेछोटे निर्झर(पानीके झरणें) और बिलकुल निर्जन रमणीय स्थान दिखाकर उस आदमीने कहा, यहाँ किसी भी प्रकारका डर नहीं है और आप यहाँ ध्यान कर सकते है। सुबहका सुन्दर समय था। शांत वातावरण था। सहजतासे मेरा ध्यान शुरू हो गया। मैं एक दिव्य आनंदमें खो गया। जब मैं सजग हुआ और देहभानमें आया तब मुझे लगा कि पंदर-बीस मिनट बहुत अच्छी तरहसे ध्यानका अनुभव हुआ। गुफाकी बाहर आकर मैंने उस आदमीको ढूँढनेका प्रयत्न किया। आदमी नहीं था। बिलकुल निर्जन/एकान्त था, मैंने जोरसे चिल्लाकर आवाज लगाई और बहुत ढूँढा किन्तु वह आदमी नहीं मिला। मैं खोजता खोजता फिर वह शिवमंदीरके पास, जहाँ गाडी और ड्रायवर थे वहाँ पहूँचा। ड्रायवरसे पूछा, ''हमारे साथ जो भाईसाहब, पानकी दुकानसे, रस्ता दिखानेके लिए आये थे, वे क्या यहाँ आये हैं ?''- ड्रायवरने कहा, 'जी नहीं, साहब आप सुबहमें उस आदमीके साथ गये तबसे, अब तक कोई भी यहाँ नहीं आया है। ड्रायवरके शब्दोंको सुनकर मैंने पूछा, ''अभी क्या समय हुआ है?'' - ड्रायवरने जवाब दिया, ''साहब शामको पाँच बजे है।''- मैं तो दंग रह गया। क्या इतने लम्बे समय मैं ध्यानमें निमग्न रहा था? मैंने फिरसे उस आदमीको ढूँढनेका सघन प्रयत्न किया। किन्तु वह नहीं मिला। मैं सुबहवाली पानकी उस छोटीसी दुकान पर पहूँच गया। वहाँ जाँच की। पानकी दुकानवालेने बताया कि, ''वह आदमी हमारा परिचित नहीं था। उस आदमीको हम लोगोने भी पहलीबार ही आज सुबहमें देखा था। हम पिछानते नहीं है।'' मैं तो सोचता ही रहा, सोचता ही रहा।

चंद दिनोंके बाद मुझे फिर भोपाल जानेका प्रसंग उपस्थित हुआ। जहाँ मुझे दिव्य ध्यानानुभूति हुई थी उस पावन स्थल पर जानेके लिए मैं बहुत लालायित था। अतः भोपाल पहूँचते ही मैंने उस पवित्र स्थानकी मुलाकातका प्रयत्न किया। बहुत ढूँढा, बहुत खोजा किन्तु न तो पानकी दूकान मिली और न मंदीर और न गुफा मिली। - ॐ अनंतकोटि ब्रह्मांडनायक सद्गुरुदेवाय नमः ।

।। श्री गणेश गुरवे नमः ।।

जब मैं पहलीबार गुरुधाम अंगारेश्वर तिर्थमें आया था उस समयकी भी कृपापूर्ण एवं प्रेरणाप्रद बात सुन लीजिए। मुझे सिर्फ ईतना ही ज्ञात था कि गुरुदेव भरूच के पास अंगारेश्वर नामके छोटेसे देहातमें नर्मदातट पर निवास करते हैं। मैं गलतीसे सुपरफास्ट ट्रेनमें बैठ गया, जिसका भरूच स्टेपेज नहीं था। रातका समय था। मैं तो सो गया। प्रातः काल होने पर जब मेरी आँखे खुली तो मैंने देखा तो भरूच रेल्वे स्टेशन पर गाडी खडी थी। साथी मुसाफिरोंसे मैंने बिनती की, और सबने मेरा सामान उतारनेमें सहायता की। मुझे आश्चर्य हुआ सुपरफास्ट ट्रेन भरूच रूकी कैसे ? मैं Wainting-room में गया। स्वस्थ हुआ। ईतनेमें एक आदमी वहाँ आया और मुझे पूछा, ''आपको कहाँ जाना है?'' मैंने बताया, अंगारेश्वर। उसने कहा मुझे भी वहाँ ही जाना है। फिर हम दोनो साथमें चलें। जब 'परमहंस कुटिर' के पास पहूँचे तब उन्होंने कहा, स्वामीजी कुटिरमें है। आप जाईए। मैं कुटिरमें दाखिल हुआ। सूर्यकोटिसमप्रभम् जैसे अत्यंत तेजस्वी अवं अति प्रसन्न मुखमुद्रामें प.पू. गुरुदेव बैठे थे। मुझे देखकर सस्मित बोल उठे, ''अरे ! प्राणनाथजी आप ? आप कैसे आये ?'' मैंने कहा, ''एक आदमी मुझे यहाँ तक छोडनेके लिए आया था।'' - स्वामीजीने कहा, उसे भी बुलाईए। मैंने बहार जाकर देखा तो वे कहीं भी नजर नहीं आये। मैंने सोचा इतने कम समयमें आदमी कितना दूर जा सकता है ? चारों तरफ मैंने बहुत बहुत खोजा। लेकिन वह आदमी नहीं मिला। मैं समझ गया कि ये भगवान गुरुदेवकी ही लीला है।

तत्पश्चात् तो परमपूज्य गुरुदेवकी असीम असीम कृपासे एकएकसे बढकर श्रेष्ठतम दिव्यातिदिव्य अनुभूतियोंकी शृंखला चल रही है। मैं क्या कहूँ ? कैसे कहूँ ? शब्दों एवं भाषासे अनुभूतिकी अभिव्यक्ति असंभव है। और परमात्माका प्रतिबन्ध भी। फिर भी परम पूज्य गुरुदेवको साष्टांग प्रणाम करते हुए, गुरुदेवकी ही अज्ञात प्रेरणासे इतना ही निर्देश करूँगा कि -

'नमः शान्ताय तेजसे।'

परमात्मा स्वरूप परम पूज्य गुरुदेव सभी अधिकारी व्यक्तियों पर दिव्यानुभूति प्रदान करते रहें ऐसी परम पूज्य गुरुदेवके श्रीचरणोंमें अंतरसे प्रार्थना। ॐ आनंद ॐ।

卐 ।। ॐ तेजस्विनामधीतमस्तु ।। 卐

।। श्री गणेश गुरवे नमः ।।

卐 આપણા પરિવારના અતિ પ્રેમાળ, સૌના ખૂબ જ પ્રિય એવા વડીલબંધુ પૂજ્યશ્રી છબીલભાઈ (બજાર સ્ટ્રીટ, બીલીમોરા) પરમપૂજ્ય ગુરુદેવની અસીમ આધ્યાત્મિક કૃપા મેળવવા તો અધિકારી બન્યા જ છે પરંતુ એમને ભૌતિક કૃપાનો પણ અદ્દભૂત અનુભવ થયો છે. એમની પૈતૃક સંપત્તિનો/જમીનનો કબજો અંદાજે પચાસ કરતાં પણ વધુ વર્ષોથી અન્ય વ્યક્તિઓ/ભાડૂતો પાસે હતો. છેલ્લાં સોળ વર્ષથી કબજો મેળવવા માટે અદાલતી કાર્યવાહી/કોર્ટમાં કેસ ચાલે પરંતુ સફળતાની સહેજ પણ આશા ન હતી. પ. પૂ. ગુરુદેવની દયા-કૃપાથી ખૂબ જ સરળતાથી કબજો મળ્યો. કુલ ૨૬(છવ્વીસ) પરિવારો-તમામે તમામ સરળતાથી ખાલી કરી ગયા. - સૌને આશ્ચર્ય થયું.

卐 એક અન્ય પ્રસંગ. બીલીમોરામાં રહેતી એક ખૂબ જ શિક્ષિત વ્યક્તિ - અત્યંત બુદ્ધિશાળી - ખૂબ જ સારો એકાધિકારવાળો monopoly નો વ્યવસાય - મોંમાંથી જે રકમ નીકળે તે રકમ ગ્રાહક આનાકાની વિના સ્વેચ્છાએ/સહર્ષ આપી જ દે. આ ભાઈ કોઈ દૈવયોગે અત્યંત ગંભીરરીતે આર્થિક ભીંસમાં આવી ગયા. આર્થિક ભીંસ ધીરેધીરે ખૂબ જ વધી ગઈ. નાની સરખી રકમ માટે પણ મુશ્કેલી પડવા લાગી. આ ભાઈ શ્રી છબીલભાઈને ત્યાં અવરનવર આવતા. શ્રી છબીલભાઈએ ખૂબ જ શ્રદ્ધાથી હૃદયની ભાવનાથી પ.પૂ. ગુરુદેવનો ફોટો આપ્યો અને શ્રદ્ધા રાખવા જણાવ્યું. શક્ય હોય તો અંગારેશ્વર દર્શન માટે જવા સૂચવ્યું. પરંતુ પેલા ભાઈ પાસે ગાડીભાડાના પૈસા પણ ન હોવાથી શક્ય બન્યું નથી. અને સંકોચવશ કોઈને કહી પણ શક્યા નહીં. શ્રી છબીલભાઈની સાથે એ ભાઈએ ખૂબ ભાવનાથી ગુરુદેવના આશ્રમ ઉપર ટાટાના મીઠા(નમક)નું એક પેકેટ ભેટ મોકલ્યું. બે-ત્રણ દિવસમાં એ ભાઈના એક મિત્રનો સંદેશો આવ્યો કે તું મને મળી જા. ભાઈ જેમતેમ કરીને પંદર-વીસ રૂપિયા એકઠા કરી, મિત્રને મળવા ગયા. જૂની મિત્રતા હતી. મિત્રએ આ ભાઈના હાથમાં દશ હજાર રૂપિયા મૂક્યા અને કહ્યું આ પૈસા તું વાપર. ફરી વ્યવસાય

શરૂ કર. વધુ પૈસાની જરૂર હોય તો જણાવજે. આ ભાઈ તો મિત્રના આ વર્તનથી દંગ થઈ ગયા. મિત્રએ કહ્યું, મને સતત નિરંતર પાંચ દિવસથી રાત્રે સ્વપ્નમાં કોઈ અજાણ્યા સંન્યાસી તને આર્થિક સહાય કરવા સંગીનરીતે/ભારપૂર્વક સૂચન કરે છે. આ ભાઈએ પોતાના ગજવામાંથી પ.પૂ. ગુરુદેવનો ફોટો કાઢીને બતાવ્યો. મિત્ર ઉછળી પડ્યા. હા, હા, આ જ સંન્યાસી મને સ્વપ્નમાં જણાવે છે કે તારો મિત્ર મુશ્કેલીમાં છે તેને મદદ કર. - પ.પૂ. ગુરુદેવની કેવી કૃપા !

卐 આપણા પરિવારના ખૂબ જૂના શિષ્ય બીલીમોરાવાળા શ્રી ડાહ્યાભાઈને તો પ.પૂ. ગુરુદેવની કૃપાના અનેકાઅનેક અનુભવો થયા છે. એમનાં પુત્ર શ્રી શૈલેષભાઈ એકવખત અંગારેશ્વર ગયા હતા. બપોરે ભોજન બાદ, ઘરે જવા માટે પૂજ્યશ્રી પાસે એમણે રજા માંગી. પૂજ્યશ્રીએ કહ્યું, ''आज नहीं कल जाना। आज रूक जाओ।'' ગુરુઆજ્ઞાથી તેઓ રોકાઈ ગયા. રાત્રે પરમહંસકુટિરના ઓટલા ઉપર કેટલાક શિષ્યો બેઠા હતા. ગુરુદેવ સત્સંગ-ગોષ્ઠી કરતા હતા. ગુરુજીએ કહ્યું, ''बत्ती बुझा दो। कीड़े बहुत आयेंगे।'' લાઈટ બંધ કરી. થોડી જ વારમાં શ્રી શૈલેષભાઈને એક સાપ કરડ્યો. બધા ગભરાઈ ગયા. લાઈટ કરી જોયું તો સાપ કરડ્યો હતો. પરમપૂજ્ય ગુરુદેવે અસીમ કૃપા કરી શ્રી શૈલેષભાઈને બચાવી લીધા. શ્રી શૈલેષભાઈને સાપ કરડવાને યાગ હતો જ. તેથી જ તો ગુરુદેવે એમને આશ્રમમાં રોકી લીધા હતા અને એ સર્પદંશનો યોગ પણ પૂર્ણ થયો અને ગુરુકૃપાથી બચી પણ ગયા.

卐 ખજોદ (જિ.સુરત) ના શ્રી શાંતિલાલભાઈને ત્યાં ખૂબ નાનો બાબો રમતાં રમતાં પાણીની ટાંકીમાં પડ્યો. થોડા સમય બાદ ખબર પડી. શરીર પણ ફૂલી ગયેલું. બધાના જીવ અદ્ધર થઈ ગયા. માત્ર આશ્વાસન ખાતર હોસ્પિટલમાં લઈ ગયા. ડૉકટર પણ શું કરે? શ્રી શાંતિલાલભાઈને પ.પૂ. ગુરુદેવમાં અતૂટ શ્રદ્ધા. સતત ફોન કરતાં જ રહ્યા. સદ્‌ભાગ્યે ફોન લાગી ગયો. પ.પૂ. ગુરુદેવે કહ્યું કે, ''आप डॉकटरसाहेबको कहिए कि दो-तीन मिनट ओक्सीजन दीजिए। मैं यहाँ से

सबकुछ संभाल लेता हूँ। आप चिंता न करें।'' અને ડૉકટરસાહેબ સહિત સૌના આશ્ચર્ય વચ્ચે છોકરામાં ચેતનત્વ આવ્યું. ભાન આવ્યું. છોકરો બિલકુલ સ્વસ્થ થઈ ગયો.

卐 ગોલવાડ ગેટ, નવસારીમાં રહેતા આપણા ગુરુબંધુ શ્રી રમેશભાઈ રાણાને ભયાનક અકસ્માત થયો હતો. શોભનાબેન તો હેબતાઈ ગયા. લોકોનું મોટું ટોળું થઈ ગયું. ત્યાં તો એક સફેદ ગાડી આવી જેમાંથી એક સદ્‌ગૃહસ્થ ઉતર્યા. શોભનાબેનને હિંમત આપી. બેભાન એવા શ્રી રમેશભાઈને પોતે પોતાની ગાડીમાં લઈ, હોસ્પિટલમાં પહોંચાડ્યા અને વ્યવસ્થિત સારવાર અપાવી. શ્રી રમેશભાઈ ઉગરી ગયા. પાછળથી શ્રી રમેશભાઈ અને શોભનાબેનને ખબર પડી કે એ ગાડી અને એ સદ્‌ગૃહસ્થ આપણાં ભગવાન-આપણા ગુરુદેવની જ અપાર કૃપા હતી.

卐 આપણા વડીલ વલણવાળા પૂજ્યશ્રી મગનભાઈ પટેલનો અનુભવ તો અદ્‌ભૂત છે. ભયંકર અકસ્માત થયો. પુલના કઠેરા તોડીને ગાડી નદીમાં ઝૂકી ગઈ. એમણે સાથીઓને કૂદી પડવા કહ્યું. પરંતુ પોતાનાથી કૂદી શકાય જ નહીં એવી સ્થિતિ હતી. મૃત્યુ ચોક્કસ જ નિશ્ચિત સ્વરૂપે સ્પષ્ટ દેખાતું હતું. હૃદયનાં ઊંડાણથી ગુરુદેવનું નામ સ્મરણ કર્યું. અને અદ્‌ભૂત ચમત્કાર - ગુરુદેવે પોતે ઉંચકીને/ઉઠાવીને એમને પુલ પર સલામત મૂકી દીધા. તેઓ આબાદ રીતે બચી ગયા.

卐 વિરાવળ, નવસારીમાં બ્રાંચ પોષ્ટ માસ્તર તરીકેની ફરજ બજાવતા પૂજ્ય મંજુલાબેન પ.પૂ. ગુરુદેવની અલૌકિક/પરોક્ષ કૃપાના સદ્‌ભાગી થયા હતા. ભગવતી ગાયત્રીમાના અસંખ્ય જપને કારણે સ્વપ્નમાં પ.પૂ. ગુરુદેવનું દર્શન અને સ્વપ્નમાં ગુરુમંત્રની પ્રાપ્તિ થઈ. તથા સ્વપ્નમાં જ નિર્દેશ થયો કે નવસારી ગ્રીડ પાસે નાની ચોવીસીમાં નિશ્ચિત સ્થળે પ્રત્યક્ષ દર્શન/મુલાકાત થશે. અને ખરેખર બીજા દિવસે પૂ. મંજુલાબેન તે સ્થળે ગયા ત્યારે એમ જ થયું. સ્વપ્નમાં દર્શન આપેલા એ ગુરુદેવના પ્રત્યક્ષ દર્શન થયા. ગુરુદેવની લીલા અપરંપાર છે.

।। श्री गणेश गुरवे नमः ।।

卐 બંગલા નં - ૨, સહયોગ સોસાયટી, ચીખલીમાં શ્રી ધીરૂભાઈને ત્યાં પ.પૂ. ગુરુદેવના ફોટામાં તિલક(ચાંલ્લો) કરવાના સ્થાન પર એક સવારે અચાનક ૐ કાર અને 卐સ્વસ્તિકનું ચિહ્ન ખૂબ જ સ્પષ્ટ રીતે ઉપસી આવ્યું. શ્રી ધીરૂભાઈ અને રામીબેન તો ખૂબ જ ભાવવિભેર થઈ ગયા. બીલીમોરાથી પૂજ્યશ્રી છબીલભાઈ, શ્રી બાબુભાઈ વગેરે પરિવારનાં ઘણાં બધા ભક્તો દર્શનાર્થે આવ્યા. ફોટોગ્રાફરને બોલાવી ફોટો લીધો તેમાં (ફોટોમાં) પણ ખૂબ જ સ્પષ્ટ ૐ કાર સ્વસ્તિકયુક્ત આવ્યો છે. પરમપૂજ્ય ગુરુદેવ ચીખલી પધાર્યા ત્યારે એમણે પણ આ એમની પોતાની લીલા, પોતે નિહાળી. ત્યારે શ્રી નરસિંહ મહેતાની 'બ્રહ્મ સાથે બ્રહ્મ લટકા કરે' - એ પંક્તિનું સૌને સ્મરણ થયું.

卐 જલારામ સોસાયટી, ચીખલીનાં શ્રીમતી ભાનુબેનનાં દિકરીને કમળો થયો. તાવ અટકે જ નહીં. ખેંચ આવવા લાગી. ધીરે ધીરે ખેંચનું પ્રમાણ ખૂબ જ વધી ગયું. બીલીમોરાની શૈશવ હોસ્પિટલમાંથી સુરત લઈ જવાનો નિર્ણય લેવાયો. ભાનુબેને હૃદયનાં ઊંડાણથી પ.પૂ. ગુરુદેવને પ્રાર્થના કરી. રડી પડ્યા. પ.પૂ. ગુરુદેવની કૃપાથી બેબીનો તાવ હળવો થયો. ધીરેધીરે ખેંચ ઓછી થઈ. બેબી ગુરુકૃપાથી બચી ગઈ. તંદુરસ્ત થઈ ગઈ.

卐 ગોલવાડ ગેટ, નવસારી પર રહેતા (હાલ કેનેડા નિવાસી) શ્રીમાન રતિલાલભાઈ રાણા, (અંકલેશ્વરવાળા સિવિલ એન્જી. શ્રી ચન્દ્રેશભાઈના માસાજી) ૧૯૯૫માં જ્યારે સેવણીનાં પ.પૂ. ગુરુદેવનો પ્રગટોત્સવ હતો ત્યારે કેટલાક અલૌકિક અદ્‌ભૂત અનુભવો થયાનું જણાવે છે. શ્રી રતિલાલભાઈનું કહેવું છે કે ૧૯૭૨માં મને એક ભૂદેવે શિવમંત્ર કરવા જણાવેલું અને મેં શરૂ કરેલું. જેની ફલશ્રુતિરૂપે વર્ષો બાદ આજે પરમપૂજ્ય ગુરુદેવનાં શરીરમાં સાક્ષાત્ પ્રત્યક્ષ શિવજીના દર્શનની મને દિવ્ય અનુભૂતિ થતાં હું રોમાંચ અનુભવું છે. ગુરુદેવની આ અસીમકૃપા છે. ગુરુજી સાક્ષાત્ શિવ જ છે. **यो गुरु स शिवः प्रोक्तः ।**

卐 વાઘછીપાવાળા આપણા વડીલ પૂજ્ય શ્રી રણછોડજીકાકા તો

પરમપૂજ્ય ગુરુદેવની અનન્ય કૃપા માટે ખૂબ જ સદ્ભાગી છે. મુરબ્બી શ્રી રણછોડકાકા તો સંપૂર્ણપણે સમર્પિત છે. પરદેશમાં રહેવા છતાં પ્રતિક્ષણ પરમપૂજ્ય ગુરુદેવની કૃપા નિરંતર વરસતી રહે છે. મુરબ્બીશ્રી રણછોડકાકા પ.પૂ. ગુરુજી પાસે કશું જ માંગતા નથી અને પ.પૂ. ગુરુજી એમને કશું જ આપવાનું બાકી રાખતાં નથી. બધું જ આધિભૌતિક, આધ્યાત્મિક બધું જ ગુરુદેવ ખૂબ ખૂબ કાળજી રાખીને વાત્સલ્યભાવથી મુરબ્બી શ્રી રણછોડકાકાને આપતાં રહે છે. અતિવિનમ્ર, નિરંહકારી, નિરપેક્ષ, ખૂબ પ્રેમાળ શ્રી રણછોડકાકાને હૃદયથી પ્રણામ કરવાનું સહેજે મન થાય.

卐 વલસાડનાં આપણા સૌના પ્રિય શ્રી બંકીમભાઈનો એક અનુભવ જાણવા જેવો છે. પ.પૂ. ગુરુદેવે એમને બાળકો સાથે દિવાળીનાં તહેવારો દરમ્યાન ગુરુધામમાં રહેવાનું જણાવ્યું. પરંતુશ્રી બંકીનભાઈ દિવાળીમાં ત્યાં (આશ્રમ પર) રહી શકયા નહીં. એમનો પુત્ર ચિ. મોન્ટુ(મનન) ફટાકડા ફોડતાં મોં ઉપર સખત દાઝી ગયો. તાત્કાલિક હોસ્પિટલમાં લઈ ગયા. આંખ-નાક જેવા નાજુક ભાગો હોવાથી ડૉકટર સહિત સૌ ખૂબ જ ચિંતિત બન્યા. પ.પૂ. ગુરુદેવને ફોન કર્યો. ગુરુદેવે કહ્યું,- ''बेटे, दिपावली के त्यौहारमें आश्रम पर आनेका आदेश मैंने बहुत सोच-समझकर दिया था।'' શ્રી બંકીમભાઈએ ગદ્ગદ્ભાવે ક્ષમાયાચના કરી. પ.પૂ. ગુરુદેવની કૃપાથી ચિ. મોન્ટુ/મનન ટૂંક સમયમાં જ તદ્દન સારો થઈ ગયો. દાઝેલાનું કોઈ ચિહ્ન પણ રહ્યું નહીં.

卐 શાંતાક્રુઝવાળા શ્રી જગદીશભાઈ મહેતા નાનકડી રૂમમાંથી મુંબઈનાં અતિ વૈભવી વિસ્તારમાં, દરેક પ્રકારની સગવડવાળો વિશાળ ફ્લેટ મેળવવા પ.પૂ. ગુરદેવની કૃપાથી ભાગ્યશાળી થયા છે. આ ઉપરાંત પણ શ્રી જગદીશભાઈ અને હીનાબેનને ગુરુકૃપાના અનેકાઅનેક શ્રેષ્ઠ અનુભવો થયા જ છે. અને પ્રતિવર્ષ ડિસેમ્બર માસમાં શ્રી જગદીશભાઈ મુંબઈમાં રહેતા સર્વે શિષ્યસમુદાયને પરમપૂજ્ય ગુરુદેવનાં દર્શન અને અમૃતવાણીનો લાભ અપાવવા સદ્ભાગી બને

છે એ આનંદની વાત છે. એ પણ ગુરુકૃપા જ છે.

卐 પરમપૂજ્ય ગુરુદેવના વાત્સલ્યભાવની વાતો કરતી વખતે સેવણી અને મઢી-કાંટી ફળિયાને કેમ ભૂલાય? અંગારેશ્વર ગુરુધામમાં ઉજવાતા પ્રત્યેક ઉત્સવો તથા ત્યાં તૈયાર થતી પ્રત્યેક ઈમારતોમાં સેવણી અને મઢીનાં પ્રત્યેક શિષ્યોનું હૃદય ધબકતું દેખાય છે. આશ્રમ સાથે સંબંધિત કોઈપણ પ્રકારની સેવામાં સૌ સદા તત્પર જ હોય. સેવણી અને મઢીનાં પ્રત્યેક શિષ્યો સતત/નિરંતર ગુરુદેવની વાત્સલ્યપૂર્ણ અમીદૃષ્ટિમાં જ રહ્યા છે.

卐 દિલ્હી, પંજાબ, હરદ્વાર, રતલામ, અલ્હાબાદ, અમદાવાદ, વડોદરા, સુરત, નવસારી, બીલીમોરા, વલસાડ, વાપી, પાલઘર, ડહેણું, નરોલી, અમરોલી, બમરોલી, મરોલી, નાની ચોવીસી, અમલસાડ, કછોલી, ગણદેવી, કોસંબા, ભરૂચ, અંકલેશ્વર, નેત્રંગ, વાલીયા, ડાકોર, વાઘછીપા, બોદલાઈ, ચીખલી તથા અનેક સર્વ સ્થળોનાં જે જે ભાવિક ભક્તોએ સાચી શ્રદ્ધાપૂર્વક પરમ પૂજ્ય ગુરુદેવના શ્રીચરણોમાં મસ્તક મૂક્યું છે અને સાચા અર્થમાં સંપૂર્ણ શરણાગતિ સ્વીકારી છે તે સર્વકોઈ (અનઅપવાદિત રીતે) ભૌતિક અને આધ્યાત્મિક અનુભૂતિ માટે સદ્ભાગી બન્યા જ છે.

卐 ભરૂચ, અંકલેશ્વર, ઝાડેશ્વર, શુક્લતિર્થ, તવડા, ઝનોર, નિકોરા, ધરમશાળા કવિઠા, મંગલેશ્વર, અંગારેશ્વર અને એની આસપાસનાં ભક્તજનો તો ખરેખર ખૂબ ખૂબ ભાગ્યશાળી છે.

પરમ પૂજ્ય ગુરુદેવની કૃપા મેળવવા આપણે સૌ સદ્ભાગી બનીએ છીએ એમાં મૂળભૂતરીતે તો અંગારેશ્વરનાં, આપણા વડીલ પૂજ્યશ્રી ફુલજીકાકાનો સૌથી મોટો ફાળો છે. શ્રી ફુલજીકાકા અને એમના સમગ્ર પરિવારનાં આપણે ઋણી છીએ.

ૐ आनंद ૐ

।। श्री गणेश गुरवे नमः ।।

# 卐 અવધૂતી રંગ 卐

ભર્યું જ્યાં ત્યાં પ્રભુ તારું અનુપમ રૂપ હે અવધૂત ।

નિરાકારી નિજેચ્છાએ બન્યો સાકાર તું અવધૂત ।। ટેક

ખૂનીના ખંજરોમાં તું, પ્રિયાના ચુંબનોમાં તું,

હરે ! હરિગર્જનામાં તું, રહ્યો પિકકૂંજને અવધૂત ।। ભર્યું...૧

ગુલાબી ગાલમાં હસતો, ક્ષયીના હાડમાં વસતો,

બધે નિર્દ્વંદ્વ તું રમતો, નિજાનંદે અહા અવધૂત ।। ભર્યું...૨

વને યોગી થઈ વસતો, જગે ભોગી સમો ભમતો,

કદી રોગી સમો રડતો, અગમ લીલા કરી અવધૂત ।। ભર્યું...૩

સદા પાસે છતાં આઘે, અભાગીને અરે દિસતો,

સહુ રંગે અરંગી તું લહે તુજ રંગ કો અવધૂત ।। ભર્યું...૪

.....પ.પૂ. શ્રીરંગ અવધૂત

**"આસપાસ ચોપાસમાં વિશ્વપતિનો વાસ છે."**

**ईशावास्यमिदंसर्वम् ।**

।। श्री गणेश गुरवे नमः ।।

# 卐 એવો દિ દેખાડ 卐

એવો દિ દેખાડ વ્હાલા ! એવો દિ દેખાડ ।।
દેખું તારૂં રૂપ બધે, એવો દિ દેખાડ ।। ટેક

ભૂલાવી હું-મારૂં 'હું, ને તારામાં ડુબાડ,
વ્હાલા તારામાં ડુબાડ ।
તું-તારામાં ભેદ ન દેખું, એવો દિ દેખાડ ।। એવો...૧

જુગ્જૂનાં બંધ નૈનાં, કંઈ તો સૂઝાડ,
વ્હાલા કાંઈ તો સૂઝાડ ।
અંદર બ્હારી તુને દેખું, એવો દિ દેખાડ ।। એવો...૨

આપ્યું તેં તારાને આપી, રાચું મન મોઝાર,
વ્હાલા રાચું મન મોઝાર ।
શેષે પૂર્ણતા પિછાનું, એવો દિ દેખાડ ।। એવો...૩

ધાર્યું તે થાવાનું મારી, વ્યર્થ કાં પછાડ ?
વ્હાલા વ્યર્થ કાં પછાડ ?
તારે શરણે થાઉં નચિંત, એવો દિ દેખાડ ।। એવો...૪

રૂપ રૂપે તું અરૂપી, રંગ એ નિર્ધાર,
વ્હાલા રંગ એ નિર્ધાર ।
ગોત્યું જેડ ન હું ક્યાંયે, એવો દિ દેખાડ ।। એવો...૫

.... પ. પૂ. શ્રીરંગ અવધૂત.

।। श्री गणेश गुरवे नमः ।।

# 卐 ।। નિર્વાણ ષટક ।। 卐

મનોબુદ્ધિ અહંકાર ચિત્તાનિ નાહં,
ન ચ શ્રોત્ર જિવ્હે ન ચ ઘ્રાણ નેત્રે ।
ન ચ વ્યોમભૂમિ ર્ન તેજો ન વાયુ,
ચિદાન્દરૂપઃ શિવોઽહં શિવોઽહમ્ ।। ૧।।
ન ચ પ્રાણસંજ્ઞો ન વૈ પંચવાયુ,
ર્ન વા સપ્તધાતુર્ન વા પંચકોશઃ ।
ન વાક્પાણિ પાદૌ ન ચોપસ્થપાયૂ,
ચિદાન્દરૂપઃ શિવોઽહં શિવોઽહમ્ ।। ૨।।
ન મે દ્વેષરાગૌ ન મે લોભમોહૌ,
મદો નૈવ નમે માત્સર્ય ભાવઃ ।
ન ધર્મો ન ચાર્થો ન કામો ન મોક્ષઃ,
ચિદાન્દરૂપઃ શિવોઽહં શિવોઽહમ્ ।। ૩।।
ન પૂણ્યં ન પાપં ન સૌખ્યં ન દુઃખં,
ન મંત્રો ન તીર્થં ન વેદા ન યજ્ઞાઃ ।
અહં ભોજનં નૈવ ભોજ્યં ન ભોક્તા,
ચિદાન્દરૂપઃ શિવોઽહં શિવોઽહમ્ ।। ૪।।
ન મે મૃત્યુશંકા ન મે જાતિભેદઃ
પિતા નૈવ મે નૈવ માતા ન જન્મઃ ।
ન બન્ધુ ર્ન મિત્રં ગુરુર્નૈવ શિષ્યઃ,
ચિદાન્દરૂપઃ શિવોઽહં શિવોઽહમ્ ।। ૫।।
અહં નિર્વિકલ્પો નિરાકાર રૂપો,
વિભુર્વ્યાપ્ય સર્વત્ર સર્વેન્દ્રિયાણામ્ ।
સદા મે સમત્વં ન મુક્તિર્ન બન્ધઃ
ચિદાન્દરૂપઃ શિવોઽહં શિવોઽહમ્ ।। ૬।।

।। श्री गणेश गुरवे नमः ।।

# 卐 ।। આરતી - ૧ ।। 卐

જય સદ્‌ગુરુ સ્વામી ! ૐ જય સદ્‌ગુરુ સ્વામી !

અધમોધ્ધારણ પ્રભુજી ! (૨) નમીએ શીશ નામી. (ટેક)

અલખ નિરંજન આપ છો તમે અવિનાશી, ગુરુ !

શુધ્ધ સ્વયં પ્રકાશી (૨) સહુના સુખ રાશી.....જય

સચ્ચિદાનંદ સ્વરૂપ શબ્દાતીત સ્વામી, ગુરું !

શબ્દસુધારસસિંધુ (૨) અવિચલ પદધામી.....જય

રામરૂપે રમી રહ્યા છો સર્વ મહીં વ્યાપી ગુરુ !

અનુપમ રૂપ તમારું (૨) કોણ શકે પામી.....જય

ભવસાગરમાં બૂડતાં જીવ તારી લીધા ગુરુ !

'તત્ત્વમસિ' સમજાવી (૨) આપ સ્વરૂપ કીધા.....જય

શંકર શુધ્ધ સ્વરૂપ એ કરૂણા તારી, ગુરુ !

સકળ જગતમાં સેવા (૨) એક જ સુખકારી.....જય



।। श्री गणेश गुरवे नमः ।।

# ।। આરતી - ૨ ।।

(સ્વપ્નમાં ગુરુદર્શન અને ગુરુમંત્ર પ્રાપ્ત કરનાર પૂજ્ય મંજુલાબેન (નવસારીવાળા) ના હૃદયભાવમાં પ્રગટેલ આરતી એમના જ શબ્દોમાં પ્રસ્તુત છે.)

સ્વામી મનીષાનંદની આરતી ઉતારીએ
આરતી ઉતારીએ એને અંતરમાં લઈએ......સ્વામી
સચ્ચિદાનંદ એનું સાચું સ્વરૂપ
સાચા સ્વરૂપને અમે નમસ્કાર કરીએ......સ્વામી
નિરાકાર નિરંજન નિર્વિકારી
શિવ સ્વરૂપને અમે સાષ્ટાંગ કરીએ......સ્વામી
મનમંદીરમાં એની છબી ઉતારી
રવિ સ્વરૂપ નિશદિન દર્શન કરીએ......સ્વામી
ભ્રુકુટિ ત્રિલોચનનાં દ્વાર ખોલીને
ઝળહળતી જ્યોતિને વંદન કરીએ......સ્વામી
જ્યોર્તિમય તેજોમયમાં એકરૂપ થઈએ
મનીષાનંદ સ્વરૂપે અમે મસ્તીમાં રહીએ......સ્વામી
આનંદ અમૃત રૂપે મનીષાનંદ
આનંદમાં રહી અમે ધન્ય ધન્ય થઈએ......સ્વામી
ગુરુૐ ગુરુૐનાં ગુણગાન ગાઈએ
ગુણગાન ગાઈએ અમે એકાકાર થઈએ......સ્વામી

मत्समो नैव पापिष्ठ
त्वत्समो नैव पापहा ।
हे गुरूदेव, महादेव
यथा योग्यं तथा कुरू ।।



પુસ્તિકામાં કોઈ ક્ષતિ હોય તો તે અંગે

ક્ષમાયાચના।

# પરમહંસ કુટિર - અંગારેશ્વર જવા અંગે માર્ગદર્શન

ભરૂચ બસ ડેપોમાંથી ૦૯ (નવ) નંબરના પ્લેટફોર્મ ઉપરથી ઉપડતી ઝનોરની બસમાં બેસવું - અંગારેશ્વર, પરમહંસ કુટિરના સ્ટેન્ડ ઉપર ઉતરવું. જો ઝનોરની બસ ન મળે તો નિકોરાની બસમાં બેસવું. નિકોરા ઉતર્યા પછી અંદાજે એકાદ કીલોમીટર ચાલીએ એટલે અંગારેશ્વર પરમહંસ કુટિર આવે છે.

જો પોતાનું અંગત વાહન હોય તો નેશનલ હાઈવે - નં. ૮ પર ઝાડેશ્વર ચોકડી (નર્મદા પુલ પાસેની ભરૂચ ચોકડી) આગળથી શુકલતીર્થ - કબીરવડ તરફના માર્ગે જવું. શુકલતીર્થ થઈ અંદાજે ચારેક કીલોમીટર ઉપર પરમહંસ કુટિર, અંગારેશ્વર આવે છે.



કાવેરી પ્રિન્ટરી ચીખલી. ફોન ૩૨૦૬૨